Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૬ ( ચાલુ ), વીર સં. ૨૪૯૮
વિ. સં. ૨૦૨૮ અષાઢ

લોકશાહીમાં સારા માણસો શાસનનું કામ સંભાળવા આગળ નહિ આવે, તો લોકોએ ખરાબ માણસોથી શાસિત થવા તૈયાર રહેવું પડશે.

આજે આમન્યાઓ તૂટી રહી છે. અને સમાજમાં દરેક સ્તરે અનિષ્ટો ફેલાય છે. ભ્રષ્ટાચાર કરનારા તેમજ કરાવનારા લોકો પ્રત્યે સમાજમાં સૂગ ઊભી થશે તો ભ્રષ્ટાચાર નાબૂદ થશે એમને કોઈ પ્રતિષ્ઠા મળવી ન જોઈએ. જ્યારે સહકારી પ્રવૃત્તિમાં પણ ભ્રષ્ટાચાર ચાલતો જોઉં છું ત્યારે એમ લાગે છે કે તીર્થસ્થાનમાં પાપ થઈ રહ્યું છે.

દેશમાં આર્થિક અસમાનતા તો છે જ. પરંતુ દેશમાં બંધારણ મારફત ગરીબ અને તવંગર બંનેને મતદાનનો સમાન અધિકાર અપાયો છે, એ રાજકીય સમાનતા છે. પરંતુ આર્થિક સમાનતા ન હોય તે લાંબો વખત ચલાવી લેવાય નહીં

—શ્રી ઘનશ્યામભાઈ ઓઝા

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

પુસ્તક : ૬૯ ] જુલાઈ : ૧૯૭૨ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ✻ અ નુ ક્ર મ ણિ કા ✻


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| (૧) | સંપદાની પાછળ વિપદા .... .... | પૂ. ગણિવર્ય શ્રી ભુવન વિજયજી મ. | ૧૫૫ |
| (૨) | ધર્માધિર્મમીમાંસા .... .... | સ્વ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મ. | ૧૫૭ |
| (૩) | સંસાર કે અંગાર? .... .... | શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૬૩ |
| (૪) | ગુજરાતી જૈન ભક્તિ-સાહિત્ય, પૂજાઓ અને પૂજનવિધિ, .... .... | શ્રી હિરાલાલ ર. કાપડિયા | ૧૬૭ |


## સા ભા ર ગ્રં થ સ્વી કા ર

**શ્રી દશ વૈકાલિક સૂત્ર મૂળ અર્થ અને વિવેચન સહિત**
**પુ. આચાર્ય દેવશ્રી મેરૂપ્રભસૂરીશ્વરજી તરફથી ભેટ, ભાવનગર**

## આ સભાના નવા આજીવન સભ્ય

શ્રી કાન્તિલાલ રતિલાલ સલોત, ભાવનગર
શ્રી મનસુખલાલ કુંવરજી શાહ, ભાવનગર
શ્રી મહેશકુમાર ચમનલાલ શાહ, ભાવનગર

## જૈન સમાચાર

જેઠ વદિ ૭ તા. ૩-૭-૧૯૭૨ના રોજ પં. પૂ. આગમ પ્રભાકર શ્રુતશીલવારિધિ પુણ્ય-વિજયજી મ.ની પ્રથમ સંવત્સરી વડોદરામાં શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં પ. પૂ. અનુયોગાચાર્ય શ્રી નેમવિજયજી ગણિવર્યની નિશ્રામાં ઉજવવામાં આવેલ હતી. એ પ્રસંગે પ. પૂ. પુણ્યવિજયજી મહારાજના ફોટાનું પૂજન શેઠ ચંપાલાલજી કેસરીમલજીએ બોલી બોલીને કરેલ હતું ડૉ. શ્રી ભોગીલાલભાઈ સાંડેસરા, શ્રી જેચંદભાઈ ધ્રુવ, શ્રી રમણલાલભાઈ ઝવેરી, સાધ્વીજી પ્રબોધશ્રીજી મહારાજ, સાધ્વીજી યશોભદ્રાશ્રીજી મહારાજ વગેરેએ સ્વર્ગસ્થ ગુરુદેવના જીવન પ્રસંગોનું વર્ણન કરેલ હતું. કુ. અંજનાબેન, કુ. કુસુમબેન વગેરેએ ગુરુદેવનું વિરહગીત ગાયેલ તથા સાધ્વીજી પ્રબોધશ્રીજી અને યશોભદ્રાશ્રીજીએ ગુરુ સ્તુતિ તથા ભજનો ગાયેલ હતાં. અંતમાં, પં. શ્રી ચંદનવિજયજી ગણિએ સ્વર્ગસ્થના જીવન પ્રસંગો અને પોતાના અનુભવોનું વર્ણન કરેલ હતું. નરસિંહજીની પોળમાં દાદા પાર્શ્વનાથ ઝના દેરાસરે પૂજા, આંગી તથા ભાવના શ્રી આદિ જિન-મંડળના સભ્યોએ કરીને ગુરુ ભક્તિનો લાભ લીધો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### નવા માનવંતા પેટ્રન

# શ્રી પ્રાણલાલ મોહનલાલ વડાલિયા

### ( ટૂંક જીવન પરિચય )



યુવાન અવસ્થા હોવા છતાં જેમાં પ્રૌઢત્વનું શાણપણ અને વૃદ્ધત્વનું ડહાપણ આવેલું છે, એવા શ્રી પ્રાણલાલભાઈનો જન્મ અમરેલીની નજીક આવેલા ધારગણી નામે નાનકડાં પણ રળિયામણાં ગામમાં સદ્‌ગત શ્રી મોહનલાલ કપુરચંદ વડાલિયાને ત્યાં સં. ૧૯૮૮ના આસો શુદિ ૧ શનિવાર તા. ૧-૧૦-૧૯૩૨ના દિવસે થયો હતો. શ્રી મોહનલાલભાઈના ત્રણ પુત્રો–શ્રી પ્રાણલાલભાઈ, શ્રી વિનોદરાય અને શ્રી પ્રતાપરાય. શ્રી પ્રાણલાલભાઈ ત્રણે ભાઈઓમાં સૌથી મોટા. પ્રાથમિક અભ્યાસ પૂરો કર્યા પછી ધારગણીમાં એ વખતે અંગ્રેજી નિશાળ ન હોવાથી શ્રી પ્રાણલાલભાઈને અંગ્રેજી અભ્યાસ અર્થે લાખાપાદરની નિશાળમાં દાખલ થવું પડ્યું.

અમરેલીમાં શ્રી ખીમચંદ મુલચંદ જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના પણ એજ અરસામાં થયેલી, એટલે શ્રી પ્રાણલાલભાઈ બીજી અંગ્રેજીથી આ સંસ્થામાં દાખલ થઈ ગયા. સ્કુલ શરૂ થયા પછી એકાદ માસ મોડા આવ્યા એટલે ત્યાંની ફોરવર્ડ સ્કુલના પ્રિન્સીપાલે સ્કુલમાં પ્રવેશ આપવા માટે શરત મૂકી કે, ત્રિમાસિક પરીક્ષામાં જો નપાસ થશે તો તેનો પ્રવેશ રદ ગણાશે. પ્રાણલાલભાઈએ શરત માન્ય કરી અને ત્રિમાસિક પરીક્ષામાં સૌથી પ્રથમ નંબરે પાસ થયા. પછી તો તેઓ ફોરવર્ડ સ્કુલના માનીતા સ્કોલર બની ગયા અને એસ. એસ. સી.ની પરીક્ષા પણ પ્રથમ પ્રયત્ને જ અમરેલી સેન્ટરમાંથી પાસ કરી. અભ્યાસમાં એમની ઝળકતી કારકિર્દી હતી એટલે એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કર્યા બાદ મુંબઈ પોતાના કાકા શ્રી નાગરદાસ કપુરચંદને ત્યાં રહી આર્ટસ લાઈન લઈ કોલેજનો અભ્યાસ કર્યો. ઈ. સ. ૧૯૫૬માં તેઓ બી. એ. થયા. અભ્યાસની સાથે સાથે પાર્ટ ટાઈમ સર્વિસ કરતા. ગ્રેજ્યુએટ થયા પછી ત્રણ વર્ષ નોકરી કરી અને પછી ઇન્ડિયન સ્ટીલ કૉરપૉરેશનમાં ભાગીદાર તરીકે જોડાયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ કંપનીના ભાગીદારો વૃદ્ધાવસ્થાના કારણે નિવૃત્ત થતાં કંપનીની તમામ જવાબદારી પોતાના માથે લઇ પ્રાણુલાલભાઈ આ કંપનીના સ્વતંત્ર માલિક બન્યાં. ઇન્ડિયન સ્ટીલ કૉરપૉરેશન મુખ્યત્વે લોખંડનું કામકાજ કરે છે અને સાથે સાથે કેબલગ્લૅન્ડ પણ મેન્યુફેક્ચર કરે છે.

ઇ. સ. ૧૯૫૮માં શ્રી પ્રાણુલાલભાઇના લગ્ન ચલાળા નિવાસી શેઠ મણિલાલ જુઠાભાઇની સુપુત્રી નિર્મળાબહેન સાથે થયા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. પુત્રનું નામ કેતન અને પુત્રીનું નામ અલકા છે. શ્રી નિર્મળાબેન પણ ભણેલા અને કેળવાયેલા છે અને પતિની દરેક પ્રવૃત્તિમાં પોતાનો સાથ અને સહકાર આપે છે.

શ્રી પ્રાણુલાલભાઈ ધંધાનો ભારે બોજો હોવા છતાં, સેવાક્ષેત્રે પોતાનો અમૂલ્ય ફાળો આપે છે. શીવ સંઘના તેઓ એક આગેવાન સભ્ય છે. અમરેલી શ્રી ખીમચંદ મુલચંદ જૈન વિદ્યાર્થીગૃહનું પોતાના પર ભારે ઋણ છે એમ માની આ સંસ્થાની નવી રચનામાં તેમણે પોતાનો અમૂલ્ય ફાળો આપ્યો છે અને હાલમાં તેઓ આ સંસ્થાનું મુખ્ય મંત્રીપદ શોભાવે છે.

શ્રી પ્રાણુલાલભાઇમાં સમાજના વિકાસ માટે ધગશ છે અને સમાજના વિકાસને રુંગળાવી નાખનાર તત્ત્વોનો સામનો કરવાની પણ તેમનામાં કુનેહ અને આવડત છે. વિરોધ પણ વિવેક જાળવીને કરવાનું અને રોષ પણ સભ્યતાપૂર્વક દર્શાવવાની તેમનામાં અજબ પ્રકારની આવડત છે અને આજની આપણી યુવાન પ્રજાએ આવી આવડતનું અનુકરણ કરવા જેવું છે. તેઓ ધર્મનિષ્ટ છે અને ઉદાર દિલ ધરાવે છે.

આવા સહૃદયી અને સેવાભાવી કાર્યકરનો પેટ્રન તરીકે અમોને સહયોગ સાંપડયો છે તે અમારે માટે અત્યંત આનંદનો વિષય છે. અમારા દરેક કાર્યમાં તેમનો સહકાર મળતો રહેશે તેવી આશા રાખીએ છીએ અને તેમને દીર્ઘાયુષ ઇચ્છવા સાથે દરેક ક્ષેત્રે સફળતા ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૬૯ ] વિ. સં. ૨૦૨૮ અષાઢ ∴ ઇ. સ. ૧૯૭૨ જુલાઇ [ અંક : ૯

# સંપદાની પાછળ વિપદા

યૌવનની જેમ સંપદા પણ અનિત્ય છે અને તે તીવ્ર ક્લેશના સમુદાયમાંથી ઉત્પન્ન થનારી છે. એટલુંજ નહીં પણ તીવ્ર ક્લેશના સમુદાયને જન્મ આપનારી છે. જેમની પાસે એક સમયે કરોડો હતા તેવા આજે પાંચ–પચીશ રૂપિયા માટે કંઇકની લાચારી કરતા હોય છે, લક્ષ્મી એ તો વીજળીના ઝબકારા જેવી છે અથવા સરિતાના વેગ જેવી છે પણ જીવનું એ તીવ્ર અજ્ઞાન છે કે જે પોતે નિત્ય હોવા છતાં અનિત્યમાં મૂંઝાઇ ગયો છે. જીવ બાહ્ય સંયોગોમાં ગમે તેટલો મોહ પામે પણ તે બાહ્ય સંયોગો કોઈ એના થવાના નથી. અને જીવ પોતે પોતાની આત્મ સત્તાને હારી જવાનો છે. જડ એવા બાહ્ય સંયોગો ગમે તેવા પ્રાપ્ત થયા હોય પણ મનમાં તેનું ગુમાન રાખીને તેની ઉપર જરાય મુસ્તાક રહેવા જેવું નથી. કારણકે જ્યારે ને ત્યારે એ જડ સંયોગો દગો દેવાના છે.

વર્તમાનમાં સંપદા હોય તો ભાવીમાં વિપદા આવે છે માટે સંપદાઓ પણ અનિત્ય છે અને તીવ્ર ક્લેશના સમુદાયમાંથી તે પ્રાદુર્ભાવને પામનારી છે, લક્ષ્મી મેળવવાની પાછળ અનેક કષ્ટો જીવને સહન કરવા પડે છે અને અંતે તેમાંથી તીવ્ર ક્લેશની પરંપરા જન્મે છે, તેમાં આજની સરકારના તો કાયદા પણ એવા કે તેમાંથી ક્લેશનીજ પરંપરા વધે. સંપત્તિના તીવ્ર મોહને લીધે તો સરકાર અને પ્રજા વચ્ચેના, મીલમાલિક અને મજૂરના વચ્ચેના, શેઠ અને નોકર વચ્ચેના, પિતા અને પુત્ર વચ્ચેના, કોઈની વચ્ચેના સંબંધો સારા રહ્યા નથી. આજે સરકાર માટે પણ લોકો બોલી રહ્યા છે કે, 'આતે કોઇ સરકાર છે?' પ્રજાની કેડ ભાંગી નાખે એટલા કરવેરા નાખ્યા છે. ટૂંકમાં ચોમેર અશાંતિની જ્વાળા ફાટી નીકળી છે. આપણે ભડ છીએ કે આ જ્વાળામાં જીવી રહ્યા છીએ. સંપદાની જેમ સર્વ ભાવના કારણરૂપ જીવન પણ અનિત્ય છે સંસારમાં પુનઃ પુનઃ જન્મ, પુનઃ પુનઃ મરણ અને પુનઃ પુનઃ ઊંચ અને નીચ આદિ સ્થાનનો આશ્રય કરવો પડે છે. માટે પૂજ્ય આચાર્યશ્રી ફરમાવે છે કે '**सुखमत्र न विद्यते**' આ સંસારમાં લેશ પણ સુખ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

प्रकृत्यसुन्दरं संसारे सर्वमेत्र यत् ।
अतोऽत्रवदकिं युक्ता क्वचिद्वास्था विवेकिनाम् ॥
प्रकृत्यसुन्दरं हेव, संसारे सर्वमेत्र यत् ।
अतोऽत्र वद किं युक्ता, क्वचिदास्था विवेकिनाम् ॥

આ પ્રમાણે આ સંસારમાં પ્રકૃતિથી બધુંય અસુંદર છે. તમે બધા ઉપર ઉપરથી જુઓ છો માટે સુંદર લાગે છે, બાકી આ શરીરનો જ વિચાર કરોને કે પ્રકૃતિથી આ શરીર કેટલું અસુંદર છે; સાક્ષાત્ મ્યુનિસીપાલીટીની પેટી જેવું આ શરીર છે, જેમ પેટીમાં એકલું મેલું ભર્યું હોય છે પણ ઉપર ઉપરથી પતરું જડેલું હોય છે, તેમ આ શરીર પણ એકલા મળ-મુત્રથી ભરેલું છે પણ સુંદર લાગે છે તેનું કારણ એ છે કે ઉપરથી આ ચામડીનું પતરું જડેલું છે. જો આ ચામડી જડેલી ન હોય તો હાથમાં લાકડી રાખ્યા વગર તમે અહીંથી તમારા ઘર સુધીયે પહોંચી ન શકો. રસ્તામાં કાગડા ને કૂતરા ગીધડાની જેમ તૂટી પડે.

## ક્ષણમાં સુખની પાછળ દુઃખ અનંતકાળનું

કાયાની જેમ સંસારનાં વિષય સુખ પણ એની પ્રકૃતિથી અસુંદર છે, ભાવીમાં અનંતકાળનાં દુઃખ પસંદ હોય તોજ એક ક્ષણનું વર્તમાનનું સુખ પસંદ કરવા જેવું છે, વિષય સુખ એક ક્ષણ પૂરતું સુખ છે અને એની પાછળ ભાવીમાં અનંતકાળનું દુઃખ છે, ક્ષણ પૂરતું સુખ તો ખરજવું ખણતાંયે મળી જાય છે, પણ એ સુખની કિંમત શી છે? વર્તમાનમાં ગમે તેવું સુખ હોય પણ ભાવીમાં ક્રોડ વર્ષે પણ એની પાછળ જો દુઃખ આવવાનું હોય તો તે સુખને સુખ માનવું એમાં મોહના વિલાસ સિવાય બીજું કશું નથી. એવા ઇંદ્રિયોનાં સુખ ભોગવીને તો અસંખ્ય દેવો એકેન્દ્રિ પણું પ્રાપ્ત કરતા હોય છે, માટે શ્રેયના રસ્તે વળવું હોય તો જીવે ઇંદ્રિય સુખની રુચિ છોડી દેવી જોઈએ, લક્ષ્મી પણ એના સ્વભાવથી સુંદર નથી, એને તો શાસ્ત્રોએ કુલટાના સ્વભાવની કહી છે તો પણ એની તમે ધનતેરસના દિવસે પૂજા કરો છો; મારે તો કહેવું જોઇએ કે લક્ષ્મી પૂજનમાં તમે સમજ્યા જ નથી દાન એજ સાચું લક્ષ્મીપૂજન છે.

"ખા ગયા સો ખો ગયા, જોડ ગયા શીર ફોડ ગયાઃ
દાટ ગયા અખ માર ગયા, દે ગયા સો લે ગયાઃ

માટે લક્ષ્મીના સ્વભાવને સમજો તો એના રખોપિયા મટીને એના સ્વામી બની જાઓ ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી ફરમાવે છે કે સંસારમાં આ પ્રમાણે એની પ્રકૃતિથી (સ્વભાવથી) બધુંય અસુંદર છે તો હે મિત્ર; તું કહે તો ખરો આમાં વિવેકીઓએ ક્યાંય આસ્થા કરવી શું યુક્ત છે? અર્થાત્ જગદ્વંદ્ય, અકલંક, સનાતન અને શીલવંત એવ ધૈર્યશાલી મહાપુરુષોએ સેવેલા અહિંસા, સંયમ, અને તપરૂપ ધર્મ સિવાય વિવેકીઓએ સંસારના કોઈ પદાર્થોમાં અને સંયોગિક સુખોમાં આસ્થા કરવી યોગ્ય નથી, પોતાના ધ્રુવપદ સિવાય વિવેકી આત્માઓએ ક્યાંય આસ્થા કરવી યુક્ત નથી. આસ્થા કહો, આસક્તિ કહો, એકની એક વાત છે. ત્યારે હવે સ્વેચ્છાથી આસક્તિનો ત્યાગ કરી દેવો એજ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આચરણ છે.

—પૂ. ગણિવર્ય શ્રી ભુવનવિજયજી મહારાજ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ધર્માધર્મમીમાંસા

લેખક :– **સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

આપણો ધર્મ આપણી પાસે જ છે, તે બીજા કોઈની પણ પાસેથી મળી શકતો નથી; બીજા તો નિમિત્ત માત્ર હોય છે; જોનારી તો આંખો જ હોય છે, જોવાની શક્તિ આંખોમાં છે, પણ તેમાં કસર થવાથી, જોવાની શક્તિને રોકનાર કોઈ બીજી વસ્તુ આડી આવી જવાથી દવાની જરૂરત પડે છે; તે દવા જોવામાં નિમિત્ત માત્ર છે તેથી તે જોવાની શક્તિ નથી આપતી પણ જોવાની શક્તિને રોકનાર વસ્તુને દૂર કરે છે; એટલે આંખો જોવાની શક્તિ પ્રગટ થવાથી સારી રીતે જોઈ શકે છે. તેવી જ રીતે જીવન, સુખ, આનંદ તથા જ્ઞાનાદિ આત્માની શક્તિને રોકનાર જડ વસ્તુઓ આડી આવવાથી આત્માને પુસ્તક, પ્રભુપ્રતિમા, પ્રભુઉપદેશ તથા વિકાસી પુરુષો વિગેરે જડ તથા ચેતન નિમિત્તોની જરૂર પડે છે. આવા નિમિત્તોથી આત્માની શક્તિને રોકનાર જડ નષ્ટ થવાથી આત્મશક્તિ પ્રગટ થાય છે, શક્તિનો વિકાસ થાય છે તેને ધર્મ કહેવામાં આવે છે. નિમિત્તો કાંઇ આત્માને નવી શક્તિ આપતા નથી પણ તેનું કામ તો આત્મશક્તિબાધક જડને નષ્ટ કરવાનું હોય છે; બાકી શક્તિ તો આત્મામાં સ્વરૂપસંબંધથી હતી તે પ્રગટ થાય છે.

ભિન્ન ભિન્ન સ્વભાવવાળી વસ્તુઓનો સંયોગ થવાથી એક બીજીના સ્વભાવનો નાશ નથી કરી શકતી પણ વિકાર ( વિભાવ ) ઉત્પન્ન કરી શકે છે. આવો વિભાવ બંને વસ્તુઓમાં થાય છે, પણ એકમાં થાય અને બીજીમાં ન થાય એવો નિયમ નથી; કારણ કે સંયોગ સંયોગી ઉભય વસ્તુમાં રહેલો છે. સાકર અને કરિયાતું બે ભેગાં ભળે તો સાકરમાં વિકાર થાય છે તેમ કરિયાતામાં પણ થાય છે; કારણ કે જેમ સાકરનો સંયોગ કરિયાતા સાથે હોય છે તેમ કરિયાતાનો સંયોગ સાકર સાથે હોય છે. એટલે સાકરમાં મીઠાશ તથા કડવાશથી જુદો ત્રીજો જ કોઇ સ્વાદ આવે છે, તેવી જ રીતે કરિયાતું પણ કડવું તથા મીઠું લાગતું નથી–ભિન્ન સ્વાદવાળું લાગે છે. આને વિકાર કહેવામાં આવે છે. વર્ણ, ગંધ અને રસ બદલાવાથી આપણે કહીએ છીએ કે આ વસ્તુ બગડી ગઈ છે, તે વસ્તુના સ્વભાવસ્વરૂપ વર્ણ, ગંધ અને રસમાં ઈતર વસ્તુનો સંયોગ થવાથી પરિવર્તન થાય છે ત્યારે તેને બગડેલી કહેવામાં આવે છે. બગાડ, વિકાર અને વિભાવ આ ત્રણે શબ્દનો એક જ અર્થ થાય છે, અર્થાત્ આ શબ્દોમાં નામનો ફરક છે પણ અર્થનો નથી.

બે ભેગી ભળેલી વસ્તુઓમાં વિકૃતિ જણાય છે છતાં બંને વસ્તુઓની પ્રકૃતિમાં તો જરાય પરિવર્તન થતું નથી. ભેગી ભળેલી સાકરના કણોમાં તો મીઠાશ જ રહેવાની અને કરિયાતાના કણીઆઓમાં કડવાશ જ રહેવાની. વ્યવહારથી જ વિકૃતિ કહેવાય છે અને તે સંયોગને કહેવામાં આવે છે. અર્થાત્ ભિન્ન સ્વભાવોનો સંયોગ તે વિકૃતિ અને તેનો વિયોગ તે પ્રકૃતિ; માટે જ સંસારમાં વિકૃતિ જેવી કોઈ શાશ્વતી તાત્વિક વસ્તુ નથી પણ પ્રકૃતિ તો તાત્વિક અને નિત્ય વસ્તુ છે અને તે સ્વભાવ અથવા તો ધર્મના નામથી ઓળખાય છે. એટલા જ માટે સંસારમાં જેને અધર્મ કહેવામાં આવે છે તે વિકૃતિને લઈને જ છે; બાકી ધર્મના અભાવસ્વરૂપ અધર્મ જેવી કોઈ વસ્તુ જ સંસારમાં નથી, ધર્મ શાશ્વતો–નિત્ય છે ત્યારે અધર્મ અશાશ્વતો–અનિત્ય છે.

આવી જ રીતે આત્મા તથા જડનો સંયોગ થવાથી સંયોગસ્વરૂપ વિકૃતિ ઉત્પન્ન થાય છે. આ સંયોગમાં આત્મા તથા જડ પોતપોતાની પ્રકૃતિ છોડતાં નથી પણ બંને ભિન્ન સ્વભાવો એકત્રિત થવાથી વ્યવહારમાં કાંઈક વિચિત્રતા જણાય છે કે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જેને આત્માની વિભાવદશા કહેવામાં આવે છે. જેવી રીતે આત્માની વિભાવદશા હોય છે તેવી જ રીતે ભેગા ભળેલા જડની પણ વિભાવદશા હોય છે; કારણ કે સંયોગ બંનેમાં રહેલો હોવાથી બંનેમાં વિકૃતિ થાય છે એટલે વિભાવદશા પણ બંનેની કહેવાય છે. જડ અને જીવ બંને જુદા સ્વભાવવાળા હોવાથી બંનેની વિભાવદશા પણ જુદા જ પ્રકારની હોય છે. આત્મા પોતાના સ્વભાવને મુખ્ય રાખી વિભાવમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે જડ પોતાના સ્વભાવને મુખ્ય રાખીને પ્રવૃત્તિ કરે છે. આત્માને જાણવામાં જેટલું વિપરીત જણાય છે તે જડના સંસર્ગને લઇને તેના સ્વભાવનું પરિણામ છે અને તે ભાવોને વિપરીત જાણવારૂપ આત્માની વિભાવદશા છે કે જે એક પ્રકારના વિકારસ્વરૂપ છે. આ વિકારના અંગે આત્મા જડ વસ્તુઓને પોતાની પોષક, રક્ષક, આનંદ તથા સુખની ઉત્પાદક જાણે છે, જડ વસ્તુઓમાં અનુકૂળતા તથા પ્રતિકૂળતાની માન્યતાને લઇને પ્રાપ્તિ તથા અપ્રાપ્તિથી હર્ષ–શોક ધારણ કરે છે, અનેક પ્રકારની વિક્રિયામાં આત્માનું જ્ઞાન પ્રસરેલું હોવાથી તેને કષાયી અને વિષયી કહેવામાં આવે છે. પોતે અક્રિય હોવા છતાં પણ અનેક પ્રકારની ક્રિયા કરવાવાળો કહેવાય છે. આ પ્રમાણે જડના સંસર્ગને લઇને થવાવાળી વિકૃતિ તે આત્માની વિભાવદશા છે.

જડ–પુદ્ગલની વિભાવદશા પોતાના સ્વભાવના અંગે જુદા જ પ્રકારની છે. સંસારમાં જેટલા શરીરો જણાય છે તે બધાયે જડની વિભાવદશા છે અને તે આત્માના સંસર્ગને લઇને થયેલી હોય છે. વનસ્પતિના શરીરરૂપે વિભાવને પ્રાપ્ત થયેલું જડ–પુદ્ગલ પોતાને યોગ્ય ખોરાક લઇને પોતાને પોષે છે. તે સિવાયના મનુષ્ય, પશુ–પક્ષી આદિના શરીર પણ જડના વિકારસ્વરૂપ છે કે જે વ્યવસ્થિતપણે આહાર વિહાર આદિની ક્રિયા કરે છે તેમાં આત્મસ્વભાવનું મિશ્રણ હોય છે. પાંચે ઇંદ્રિયોને ઉપયોગમાં આવતા જેટલા વિષયો છે તે બધાય વિભાવદશાને પ્રાપ્ત થયેલા પુદ્ગલો છે. વિભાવદશાને પ્રાપ્ત થયેલા મનસ્વરૂપ પુદ્ગલનો વિચાર કરીએ તો તે જ્ઞાનસ્વરૂપ જણાય છે; કારણકે જેટલું જાણવું તથા વિચારવું થાય છે તે મનથી જ થાય છે. જો કે મનની સાથે આત્મા ભળેલો હોય છે એટલે જાણનાર તો આત્મા જ હોય છે, છતાં પ્રગટપણે તો જાણવું તે મનનું કાર્ય જણાય છે. અધ્યવસાય તથા વિચારમાં પણ એટલા માટે જ ભેદ પડે છે. અધ્યવસાય આત્મ-સ્વભાવ છે અને વિચાર પૌદ્ગલિક વિભાવ છે. આત્માને પોતાને જાણવાને સ્કંધપણે પરિણમીને વિભાવને પ્રાપ્ત થયેલાં પુદ્ગલો લેવાં પડે છે, તે પુદ્ગલસ્કંધોને વિચારપણે પરિણમાવે છે ત્યારે પુદ્ગલ સ્કંધોમાં જણાવવારૂપ વિકાર થાય છે તે પુદ્ગલોની વિભાવદશા કહેવાય છે. પુદ્ગલો જડ હોવાથી તેમાં જાણવાનો કે જણાવવાનો સ્વભાવ નથી છતાં આત્માની સાથે ભળવાથી તેમાં સકર્મક આત્માને જણાવવાની જ્ઞાન–કરાવવાની વિકૃતિ થાય છે તે જ તેની વિભાવદશા છે.

ભિન્ન સ્વભાવની વસ્તુઓનો સંયોગ થવાથી વિકૃતિ થાય છે તેમ એક જ સ્વભાવની વસ્તુઓનો સંયોગ થવાથી પણ વિકૃતિ થાય છે. સંસારમાં છ દ્રવ્યો છે, તેમાં એક રૂપી છે, બાકીના પાંચ અરૂપી છે. જીવ અને પુદ્ગલ આ બે દ્રવ્ય અનેક છે; બાકી ઔપચારિક કાળ સિવાય ત્રણ એક એક છે. છએ દ્રવ્ય ભિન્ન સ્વભાવવાળાં છે. જગતની વિચિત્રતા અથવા તો દૃશ્ય જગતનું અસ્તિત્વ બે દ્રવ્ય (જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય)ને આશ્રીને દ્રવ્યોના સંયોગરૂપ વિકૃતિ તે જ જગત કહેવાય છે. જેમ જીવદ્રવ્ય અનેક છે તેમ પુદ્ગલ છે. બંને દ્રવ્ય પણ અનેક છે આ બંને દ્રવ્યો ભિન્ન સ્વભાવ-વાળા છે તેના સંયોગરૂપ વિકૃતિને સહુ કોઈ પ્રત્યક્ષ કરી શકે છે; પણ વિયોગ થવાથી શુદ્ધ દશામાં રહેલા પ્રકૃતિસ્વરૂપ બંનેને અતિશય જ્ઞાનીની સિવાય કોઈ પણ પ્રત્યક્ષ કરી શકતું નથી. અરૂપી એક સ્વભાવવાળા અનેક દ્રવ્યોનો સંયોગ થવા છતાં પણ તેમાં વિકૃતિ થતી નથી; પણ એક સ્વભાવવાળા રૂપી દ્રવ્યો ભેગાં થાય તો તેમાં વિકૃતિ થાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુદ્ગલ દ્રવ્ય વિકૃતિ થયા સિવાય જીવ દ્રવ્યમાં વિકૃતિ ઉત્પાદક સંયોગથી જોડાતું નથી, અનેક પરમાણુઓના સંયોગથી થયેલા વિકૃતસ્વરૂપ સ્કંધોના સંયોગથી જીવમાં વિકૃતિ થાય છે અને તે જીવની વિભાવદશા કહેવાય છે. જ્યાં સુધી પુદ્ગલ દ્રવ્યમાં વિકૃતિ–વિભાવદશા ન થાય ત્યાં સુધી જીવની વિભાવદશા પુદ્ગલ દ્રવ્ય ન કરી શકે. અનેક પુદ્ગલ–પરમાણુ છૂટા પડેલાં છે તે જીવના સંસર્ગમાં આવવા છતાં પણ વિકૃતિ કરી શકતા નથી. તેવી જ રીતે શુદ્ધ એક જ સ્વભાવવાળા અનેક આત્મ દ્રવ્યોનો સંયોગ થાય છે તોયે તેમાં વિકૃતિ ન થવાથી વિભાવદશાને પ્રાપ્ત કરી શકતાં નથી, કારણ કે તે અનેક છે છતાં અરૂપી છે. ધર્મ, અધર્મ, આકાશ આ ત્રણ દ્રવ્ય અરૂપી છે પણ એક છે, જીવ દ્રવ્યની જેમ અનેક નથી. આ ત્રણે દ્રવ્ય એક હોવાથી પ્રત્યેકમાં વિકૃતિ નથી એટલે ભેગાં ભળીને રહેવા છતાં પણ આપસમાં વિકૃતિ ઉત્પન્ન કરી શકતા નથી; કારણકે વિકૃતિ–વિભાવ ભિન્ન સ્વભાવવાળાં અનેક દ્રવ્યોના સંયોગથી થાય છે અને ખાસ કરીને તો વિકૃતિ પુદ્ગલ દ્રવ્યોમાં હોઇ શકે છે, અને તે જીવદ્રવ્યમાં જેવી રીતે વિકૃતિ ઉત્પન્ન કરી છે તેવી રીતે ધર્મ આદિ ત્રણ દ્રવ્યોમાં વિકૃતિ ઉત્પન્ન નથી કરી શકતું; કેવળ આકાશ દ્રવ્યમાં જે ઘટાકાશ–મઠાકાશ આદિ કહેવાય છે તે પુદ્ગલની વિભાવદશાના ઉપચારને લઇને જ છે. પુદ્ગલને લઈને જીવમાં થવાવાળી વિકૃતિ ભિન્ન પ્રકારની છે, કારણકે કર્મ પુદ્ગલોના સંસર્ગથી આત્માના સ્વભાવ–સ્વરૂપ કેવળ–જ્ઞાનાદિ ગુણો પોતાનું કાર્ય કરી શકતા નથી, તેમજ આત્મા અક્રિય હોવા છતાં પણ પુદ્ગલ પોતાના સ્વભાવસ્વરૂપ ક્રિયાની અસરથી આત્માને આકાશપ્રદેશમાં ભ્રમણ કરાવે છે, કર્મજન્ય નાના–મોટા શરીરોમાં આત્માનો સંકોચ–વિકોચ કરાવે છે, આવી વિકૃતિ ધર્મ, અધર્મ અને આકાશમાં ઉત્પન્ન કરવાની શક્તિ પુદ્ગલ દ્રવ્યોમાં નથી. આ ત્રણે અરૂપી દ્રવ્યો પોતપોતાના સ્વભાવ પ્રમાણે નિરંતર વર્ત્યે જાય છે, પણ જીવ દ્રવ્યમાં પોતાનો સ્વભાવ ન હોવા છતાં પણ સંકોચ–વિકોચ, અલ્પજ્ઞતા, સક્રિયતા તથા અનંત જીવન, અનંત આનંદ, અનંત સુખ આદિ ગુણોનું વિપરીતપણું જણાય છે તે બધુંય વિભાવને લઇને છે. ધર્મ આદિ ત્રણ દ્રવ્યોમાં જીવ તથા પુદ્ગલ દ્રવ્યનો સંસર્ગ થવાથી પણ વિભાવ થતો નથી તેનું ખાસ કારણ તેઓ અરૂપી–એક–લોકવ્યાપી અને અનાદિ કાળથી જ વિભાવના અભાવવાળાં છે. જીવ તથા પુદ્ગલ અનાદિ કાળથી જ વિભાવપણે પરિણમતાં આવ્યાં છે અને અનેક છે એટલે તેનાં અનાદિકાળના શંયોગને લઇને વિકૃતિ થતી આવી છે તેથી જીવ તથા પુદ્ગલની વિભાવદશા અનાદિકાળની છે. જીવ તથા પુદ્ગલ દ્રવ્ય અનેક છે છતાં તેમાં ફરક એટલો જ છે કે, જેમ પરમાણુ પુદ્ગલમાં કેટલા અનાદિકાળથી શુદ્ધ સ્વભાવસ્થ છે તેવી રીતે અનાદિકાળથી કયારેય જડ સંસર્ગ ન થયો હોય એવાં જીવદ્રવ્ય શુદ્ધ સ્વભાવસ્થ નથી; અનાદિ કાળથી જ વિભાવમાંથી સ્વભાવમાં આવીને શુદ્ધ થતા આવ્યા છે અને તે મુક્તાત્મા તરીકે કહેવામાં છે તેમને પાછી વિભાવદશા પ્રાપ્ત કરાવનાર જડનો સંસર્ગ થતો નથી. જડમાં આવો નિયમ નથી. વિભાવ ઉત્પાદક પુદ્ગલ સ્કંધો આત્મ–સંબંધથી છૂટા પડીને વિખરાઈ જઇને પુદ્ગલ પરમાણુરૂપ શુદ્ધસ્વરૂપ પ્રાપ્ત કરવા છતાં પણ પાછાં સ્કંધના સ્વરૂપમાં ભેગાં મળીને આત્માઓની સાથે સંબંધ થવાથી વિભાવદશાને પામે છે; ત્યારે કર્મના સંયોગથી અનાદિ કાળથી વિભાવદશામાં રહેનાર આત્માઓ એક વખત સંપૂર્ણ શુદ્ધ થઇને સ્વભાવનો વિકાસ કર્યા પછી નિત્યવિકાસી જ રહે છે. અનેક પ્રકારના પુદ્ગલ સ્કંધોનો સંસર્ગ થાય છે તોયે વિભાવને પ્રાપ્ત કરી શકતા નથી.

આ પ્રમાણે જગતમાં વસ્તુ ત્રણ ભાવવાળી છે સ્વભાવ, વિભાવ અને પરભાવ. તેમાં સ્વભાવ દરેક વસ્તુમાં સ્વરૂપ સંબંધથી રહે છે. અને વિભાવ સંયોગ સંબંધથી થાય છે. પરભાવ ભિન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વભાવવાળા દ્રવ્યોમાં સ્વરૂપસંબંધથી રહે છે, જેમકે–આત્મદ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી પુદ્દગલ-દ્રવ્યનો સ્વભાવ તે પરભાવ અને પુદ્દગલના સ્વભાવથી અપેક્ષાથી આત્માનો સ્વભાવ તે પરભાવ કહેવાય છે. આવી જ રીતે દરેક વસ્તુમાં પોતાની અપેક્ષાથી સ્વભાવ અને પરની અપેક્ષાથી પરભાવ હોય છે. ગમે તેવી ભિન્ન સ્વભાવવાળી વસ્તુના સંયોગથી કોઈ પણ વસ્તુ પોતાનો સ્વભાવ છોડતી નથી, પણ વિભાવને પામી શકે છે; પરન્તુ અનાદિ શુદ્ધ–સ્વભાવસ્થ અવિકૃત વસ્તુ ભિન્ન સ્વભાવવાળી વસ્તુઓના સંયોગથી પણ વિભાવદશાને પામતી નથી. છ દ્રવ્યોમાં કેવળ જીવ અને પુદ્દગલ એ બે જ દ્રવ્ય એવાં છે કે, અનાદિ કાળથી જ વિભાવદશાને પામેલાં છે. કોઈ સમય પણ સર્વથા સ્વભાવસ્થ હતાં જ નહીં; કારણ કે છએ દ્રવ્ય અનાદિ કાળથી ભેગાં ભળીને રહેલાં છે છતાં જીવ તથા પુદ્દગલ છોડીને બીજા કોઈ પણ દ્રવ્યમાં વિભાવ ઉત્પાદક સંયોગ જોવામાં આવતો નથી. તેનાં કારણો પૂર્વે બતાવ્યાં જ છે તે અને બીજું ખાસ કારણ તો અરૂપી અને લોકવ્યાપી હોવાથી બીજા દ્રવ્યોના સંયોગથી પણ ક્રિયા થતી નથી એટલે સ્વભાવમાં વિકૃતિ ન થવાથી વિભાવદશા થઈ શકતી નથી. સક્રિયરૂપી પદાર્થોનો સંયોગ વિકૃતિનો ઉત્પાદક બની શકે છે પણ અક્રિય અરૂપી પદાર્થોના સંયોગથી વિકૃતિની ઉત્પત્તિ થઈ શકે નહીં. જો કે જીવ દ્રવ્ય પણ લોકવ્યાપી છે છતાં અનાદિ કાળથી દેહવ્યાપી હોવાથી તેમાં ક્રિયા થાય છે એટલે તેની વિભાવદશા પણ અનાદિ કાળની જ છે. જીવદ્રવ્ય અનાદિકાળથી દેહવ્યાપી કેમ છે? તેનો નિર્ણય તો સર્વજ્ઞો જ કરી શકે છે તોયે અત્યારે પણ જૈન સિદ્ધાંત કહે છે તેમ દેહવ્યાપી જીવનો આપણને પણ અનુભવ થાય છે. જીવની સાથે વિભાવ ઉત્પાદક પુદ્દગલસ્કંધોનો સંગ–વિયોગ થયા કરે છે તે કયાંથી થાય છે અને શા માટે થાય છે? રૂપી અને અરૂપીનો મેળ કેવી રીતે મળે? અરૂપીને રૂપી અનુગ્રહ કે ઉપઘાત કેવી રીતે કરી શકે? ઈત્યાદિ બાબતોને સમજાવવાને માટે, માટી અને સોનું, દૂધ અને પાણી, લોઢાનો ગોળો અને અગ્નિ, મધ–બ્રાહ્મિ આદિ અનેક વસ્તુઓના ઉદાહરણ આપ્યાં છે પણ તે કાંઈક અપૂર્ણ જેવાં લાગે છે. કારણ કે ઉદાહરણવાળી બધીય વસ્તુઓ રૂપી–પુદ્દગલસ્વરૂપ છે એટલે પુદ્દગલો એક બીજાની સાથે ભળીને અનુગ્રહ તથા ઉપઘાત કરી શકે છે તેમજ એક બીજામાં ઓતપ્રોત થઈને રહી શકે છે. પણ રૂપી અને અરૂપી કેવી રીતે ઓતપ્રોત થઈ શકે અને લાભ હાનિ પહોંચાડી શકે? આ વિષયમાં અને જીવ લોકવ્યાપી છે છતાં ફક્ત કેવળી સમુદ્દઘાત વખતે જ લોકવ્યાપી એક સમય રહી શકે છે તે સિવાય અનાદિ અનંત કાળ સુધીમાં જીવ કયારેય લોકવ્યાપી થઈ શકતો નથી પણ દેહવ્યાપી જ રહે છે, સર્વ કર્મથી મુકાઇને સર્વથા સ્વરૂપસ્થ થયા પછી પણ અમુક અંશ ન્યૂન દેહપ્રમાણ જ આકાશપ્રદેશોમાં વ્યાપ્ત થઈને રહે છે. સકર્મક આત્મામાં ક્રિયા હોય છે એટલે કેવળી સમુદ્દઘાતમાં લોકમાં વ્યાપે છે અને અકર્મક થયા પછી અક્રિય હોવાથી વ્યાપ્ત થતો નથી એમ સમજીએ તોયે સર્વકર્મથી મુકાતાં પૂર્વપ્રયોગની પ્રેરણાથી સાત રાજ ઊંચે લોકને છેડે જઈ શકે છે તેમ પૂર્વ પ્રયોગથી લોકવ્યાપી કેમ થતો નથી? આ વિષયમાં સર્વજ્ઞ કહે તે સાચું માનવું જ પડે છે, કારણ કે આવી બાબતોમાં અલ્પજ્ઞોની અલ્પ બુદ્ધિ કામ આપી શકતી નથી.

વસ્તુસ્થિતિ આવી હોવાથી જ્યાંસુધી યથાર્થ બોધ ન થાય ત્યાંસુધી સાચું જણાય નહીં એટલે સાચી પ્રવૃત્તિ પણ થાય નહીં જેથી સાચું ફળ મળી શકે નહીં; માટે જ ધર્મ તથા અધર્મ દ્રવ્ય છે, ગુણ છે કે ક્રિયા છે તેની સાચી ઓળખ કરવાની જરૂરત છે, કારણકે જ્યાંસુધી સાચું સમજાય નહીં ત્યાંસુધી સાચી રીતે ધર્મ થઈ શકે નહીં. વસ્તુ–સ્વરૂપ દૃષ્ટિ સન્મુખ રાખ્યા સિવાય વસ્તુની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેનો અનુભવ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હમેશાં મનુષ્ય માત્રને થઇ રહ્યો છે. મિઠાઇ, અનાજ, ઝવેરાત તથા કાપડ આદિ વસ્તુઓના ગ્રાહક જોઇતી વસ્તુના જાણ હોય તો જ બજારમાં અનેક પ્રકારની દુકાનો હોવા છતાં પણ ઇચ્છિત વસ્તુવાળાની જ દુકાને જઈને ઊભો રહે છે પણ બીજી દુકાને જતો નથી. મીઠાઇનો ગ્રાહક કાપડ-વાળાને ત્યાં જતો નથી અને કાપડનો ગ્રાહક ઝવેરીને ત્યાં જતો નથી; કારણ કે તેને જોઈતી વસ્તુને સાચી રીતે જાણીને દૃષ્ટિ સન્મુખ રાખેલી હોય છે એટલે ભૂલવાનો પ્રસંગ ન બનવાથી ધારેલી વસ્તુ મેળવી શકે છે. નશાવાળો અથવા તો વસ્તુસ્વરૂપનો અણજાણ ભૂલે છે તેથી અવળી પ્રવૃત્તિ કરી ઇચ્છિત વસ્તુ મેળવી શકતો નથી. વસ્તુતત્ત્વ વિચારતાં જણાય છે કે ધર્મ, અધર્મ અને વિધર્મનો સ્વભાવ–વિભાવ અને પરભાવમાં સમાવેશ થાય છે એટલે તે ગુણ છે પણ દ્રવ્યનો સ્વભાવ તે ધર્મ, વિભાવ તે અધર્મ અને પરભાવ તે વિધર્મ કહેવાય છે. વ્યવહારમાં ક્રિયાને જે ધર્મ કહેવામાં આવે છે. તે ઔપચારિક છે. આત્માને વિભાવદશામાંથી સ્વભાવદશામાં લાવવાને માટે કરવામાં આવતી કાયિક, વાચિક અને માનસિક પ્રવૃત્તિમાં સ્વભાવ રૂપ ધર્મનો ઉપચાર કરવામાં આવે છે તે જ્યારે આત્મા અંશે અંશે પણ સ્વભાવદશાને પ્રાપ્ત કરે ત્યારે જ યથાર્થ કહી શકાય. પણ જે પ્રવૃત્તિથી આત્માની વિભાવદશા પોષાય તેમાં ધર્મનો ઉપચાર કેવી રીતે થઈ શકે? માટે સર્વથા જ્ઞાનશૂન્ય કેવળ ક્રિયા માત્રને ધર્મ માનવો તેમાં કેટલું તથ્ય છે તે જ્ઞાની પુરુષો જ જાણી શકે છે.

# સભાનો વાર્ષિક ઉત્સવ

આ સભાનો ૭૬મો વાર્ષિક ઉત્સવ આ વર્ષે શ્રી ગોઘા તીર્થમાં સંવત ૨૦૨૮ના જેઠ શુદિ ૭ રવિવાર તા. ૧૮–૬–૭૨ના રોજ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી ગોઘા તીર્થમાં સ્વ. શેઠ મૂળચંદભાઇ નથુભાઇ તરફથી મળેલી રકમના વ્યાજમાંથી શ્રી નવખંડા પાર્શ્વનાથ પ્રભુ સન્મુખ, શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણકની પૂજા ભણાવવા શ્રી ભાવનગરથી વૃદ્ધિચંદ્રજી સંગીત મંડળના ભાઇઓ આવ્યા હતા અને ઘણા જ ઠાઠથી પૂજા ભણાવી હતી. પૂજાનો કોઇ અનેરો રંગ આવ્યો હતો તથા પ્રભુજીને અંગરચના કરવામાં આવી હતી. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તરફથી મળેલી રકમના વ્યાજ તથા તેમના ધર્મપત્ની હેમકુંવરબેને આપવાની રકમના વ્યાજ વડે સભાના સભ્યોનું બપોરના બે વાગે સમૂહ ભોજન કરવામાં આવ્યું હતું. ભાવનગરથી સભાના મેમ્બરો ઘણી સારી સંખ્યામાં આવ્યા હતા ને સારો લાભ લીધો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

શીપ બીલ્ડર્સ અને એન્જીનીયર્સ

: બનાવનારા :

- બાર્જીસ
- લાઇફ બોટસ
- ટગ્ઝ
- ફ્રેજર્સ
- પોન્ટુન્સ
- સુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ

વિગેરે.....................

: બનાવનારા :

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રુફ ડોર્સ
- રોડ રોલર્સ
- ડ્રીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- સ્ટીલ ટેન્કસ

વિગેરે.....................

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું. પ્રાઇવેટ લીમીટેડ.

ચેરમેન :-શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેક્ટર :-શ્રી અમૃતલાલ ભાણજીભાઈ શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફિસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઈ-૧૫ (ડી. ડી)

ફોન : ૪૪૦૦૭૧, ૪૪૦૦૭૨, ૪૪૩૧૩૩
ગ્રામ : 'શાપરીઆ' શીવરી-મુંબઇ.

એન્જીઅરીંગ વર્કસ અને ઓફિસ
પરેલ રોડ, ક્રોસ લેન,
મુંબઇ-૧૨ (ડી. ડી.)

ફોન : ૩૭૦૮૦૯, ૩૭૪૮૯૩
ગ્રામ : 'શાપરીઆ' પરેલ-મુંબઇ.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસાર કે અંગાર ?

લેખક : **મનસુખલાલ તા. મહેતા.**

ગૌડબંગાલના હેલાપટ્ટણ નગરમાં ગોપીચંદ નામનો યુવાન અને સુંદર રાજા રાજ કરતો હતો. ગોપીચંદના પિતાના મૃત્યુ વખતે પતિ પ્રત્યેના અઢળક પ્રેમના કારણે રાણી મેનાવતીએ પતિની સાથે બળી જઈ સતી થવા પ્રયત્ન તો કરેલો, પણ ગોપીચંદ એ વખતે બાળક હતો અને રાજની સમગ્ર પ્રજાએ આજીજી કરી તેમને તેમ કરતાં અટકાવ્યાં હતાં. મેનાવતીને ભરયુવાન અવસ્થામાં વૈધવ્ય પ્રાપ્ત થયું અને સંસાર પરથી તેનું મન સદા માટે ઉતરી ગયું. સોહામણો સંસાર તેના માટે અંગારરૂપ બની ગયો.

મેનાવતી વૈરાગ્યમય બની ગઇ હતી, તે વખતે યોગાનુયોગે જાલંદરનાથ તે નગરમાં જઇ ચઢ્યાં. જંગલમાંથી ઘાસ કાપી ગામમાં લાવી ગાયોને ખવડાવવાનો તેનો નિત્ય કાર્યક્રમ હતો. ઘાસનો ભારો ખભે, પીઠે કે માથે ન રાખતાં પણ યોગવિદ્યાના બળે માથાથી અદ્ધર રાખતા. ગામથી થોડે દૂર એકાન્ત સ્થળે નાનકડી ઝૂંપડી બાંધીને રહે. મેનાવતીના કાને યોગીના ચમત્કારોની વાતો આવી અને રાજમહેલમાંથી એક વખતે રસ્તે પસાર થતાં જાલંદરનાથને જોઇ તેનું ભક્તિમય ચિત્ત પ્રસન્ન થયું. યોગવિદ્યા પ્રત્યે તેનું મન આકર્ષાયું.

રાજમાતા અને પાછા વિધવા એટલે દિવસના ભાગમાં તો જાલંદરનાથ પાસે જઈ શકાય નહીં, પણ એક વખત અંધારી રાતે દાસીને લઈ તેઓ જાલંદરનાથની ઝૂંપડીમાં જઇ પહોંચ્યાં. એટલી મોડી રાતે સ્ત્રીના માટે ત્યાં આવવું એ શોભે નહિ, એમ કહી જાલંધરનાથે તેને ઠપકો આપ્યો. મેનાવતીએ કહ્યું: 'તમારી જેવા યોગીને પણ સ્ત્રી અને પુરુષ એવા ભેદ હોય છે, તે જાણી મને આશ્ચર્ય થાય છે. મારે તો તમારી શિષ્યા બની યોગવિદ્યા શીખવી છે અને અમર બનવું છે.' આમ છતાં જાલંદરનાથે નમતું ન આપ્યું અને તે રાતે તો મેનાવતીને ધરાર પાછા કાઢ્યાં.

મેનાવતી તો દરરોજ રાતે જાલંદરનાથની ઝૂંપડીએ દાસી સાથે જવા લાગ્યાં. જાલંદરનાથથી ચાર હાથ દૂર બેસી ચોખાથી વધાવે અને ફળો ત્યાં મૂકી આવે. મેનાવતી સામે જાલંદરનાથ ઊંચી આંખ કરી કદી ન જુવે. થોડા દિવસો આ કાર્યક્રમ ચાલુ રહ્યા બાદ, એક રાતે મેનાવતી સ્થિરતાપૂર્વક બે હાથ જોડી જાલંદરનાથ સામે બેઠાં હતાં, ત્યાં સામેથી ફૂ—ફૂ—ફૂંફાડા મારતો એક મોટો નાગ દોડી આવતો જોયો. જાલંદરનાથે મેનાવતીને કહ્યું: 'માતા! આ તો જંગલ છે, આ ચાલ્યો આવતો સાપ દંશ દેશે અને તમારૂં મૃત્યુ થશે, માટે જલ્દી ચાલ્યા જાઓ અને ફરી અહિં ન આવશો.'

મેનાવતીએ દૃઢતાપૂર્વક કહ્યું: 'આપના સાન્નિધ્યમાં મરું એવું મારૂં સદ્ભાગ્ય ક્યાંથી? દાંપત્ય જીવનમાં બેમાંથી કોઈ એક મૃત્યુ પામે, એટલે જે જીવન્ત રહે છે તે પણ મૂએલાં જેવું જ બની જાય છે, એટલે મને મૃત્યુનો ભય નથી રહ્યો, પણ મૃત્યુ એતો મારા માટે આશીર્વાદરૂપ બની ગયું છે. હવે તો જીવનમાં એકજ અભિલાષા બાકી છે અને તે આપની પાસેથી યોગવિદ્યા પ્રાપ્ત કરી એવી રીતે સમાધિપૂર્વક મરૂં, કે ફરી વખત જન્મ ન લેવો પડે. મારે તો અજર અમર બનવું છે, પછી ત્યાં મોતનો ભય ક્યાંથી હોય?'

એટલામાં પેલો નાગ મેનાવતીના પગ પાસે જઇ શરીર પર ચડવા લાગ્યો, પણ મેનાવતીએ જરાપણ થડકાટ ન અનુભવ્યો. અલબત્ત, આ નાગ તો મેનાવતીના મનની કસોટી કરવા જાલંદરનાથે ઉત્પન્ન કરેલો હતો. જાલંદરનાથે જોયું કે આ કોઇ મહાન વિદુષી નારીરત્ન છે અને યોગ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્યાની સાચી અધિકારી છે. તેથી તે દિવસથી તેણે મેનાવતીને યોગવિદ્યા શીખવવી શરૂ કરી.

મેનાવતી તે પછી દિવસને મોટો ભાગ યોગ સાધનામાં પ્રવૃત્ત રહેવા લાગ્યાં. શિયાળાના દિવસો ચાલતા હતા. રાજમહેલના પાછલા ભાગની અટારીમાં બેસી મેનાવતી સૂર્યસ્નાન કરી રહ્યાં હતાં, તેવામાં તેની દૃષ્ટિ નીચેનાં ચોકમાં પડી. ગોપીચંદમાં રૂપ, દેહસૌષ્ઠવ અને યુવાની ત્રણેનો સંગમ થયો હતો. નવ નવ પત્નીઓ પતિરાજને પ્રેમપૂર્વક સ્નાન કરાવવાની તૈયારીમાં પડી હતી. કોઇ તેલ ચોળતી, કોઇ અત્તર ચોળતી અને મુખ્ય રાણી લોમાવતી દૂધ વડે સ્નાન કરાવવાની વ્યવસ્થામાં તલ્લીન થયેલી હતી.

મેનાવતીની દૃષ્ટિએ આ દૃશ્ય નજરે પડયું અને પોતાનો ભૂતકાળ ઊમટી આવ્યો. ખરેખર આજ રીતે તે પોતાના પતિને સ્નાન કરાવતી. ગોપીચંદ તો જાણે પતિની મૂર્તિમાંથી કંડારેલી બીજી મૂર્તિ જ જોઈ લો. આબેહૂબ પિતાની પ્રતિકૃતિ. એને થયું. સ્વપ્નનાં દૃશ્યો જેમ ક્ષણિક આભાસ છે, એવો જ સમગ્ર સંસાર પણ પોકળ, અનિત્ય, ક્ષણ ભંગુર અને નાશવંત છે. પતિની હૈયાતિમાં જો મેં આ જાણ્યું હોત તો, એની પાછળ હું ઘેલી ન બનત અને એમને પણ મારી પાછળ ઘેલા થવા ન દેત! પણ આ તો બધું રાંડયા પછીનું ડહાપણ. પતિદેવનું તો જે થયું તે થયું, પણ એમની પ્રતિકૃતિ જેવા અમારા પુત્રને તો અત્યારે જ આ સંસારનું ભાન કરાવી દેવું જોઇએ કે જેથી જે ભૂલો, આઘાતો અને વેદના મને થયા તેમાંથી તે બચી જઇ શકે. આવાજ સુંદર દેહને સુખડનાં લાકડાં વચ્ચે ધરાબોળ થતાં મેં જોયો. હવે આ બધું જોયાં પછી આ નશ્વર દેહ પર વિશ્વાસ ક્યાંથી રહે?

વિચારધારા આગળ ચાલી અને નીચે લોમાવતી દૂધનો લોટો લઈ સ્નાનક્રિયાની શરૂઆત કરતી હતી, ત્યાં મેનાવતીનાં ચક્ષુમાંથી અશ્રુનાં બેચાર બિન્દુઓ દડી પડયાં અને સીધાં ગોપીચંદના સાથળ પર પડયાં. ગોપીચંદે ઊંચે જોયું અને માતાને આંખો લૂછતાં જોયાં. તેના સ્નાનનો આનંદ ઊડી ગયો. વિચાર આવ્યો. મારી માતાને શા માટે રડવું પડે? અનિચ્છા છતાં મારા કલ્યાણ માટે તો તેને પરાણે જીવવું પડયું અને તેમ છતાં મારા જીવતા પણ તેને રોવાનો વખત આવ્યો? સ્નાનનું કાર્ય જલદીથી આટોપી લઈ માતા પાસે જઇ સાષ્ટાંગ નમસ્કાર કરી કહ્યું : 'માતા! રોવાનું ખરું કારણ નહિ કહો ત્યાં સુધી મારે અન્નનો દાણો હરામ છે.'

માતાપુત્રનો વાર્તાલાપ ગોપીચંદની મુખ્ય રાણી લોમાવતી છૂપી રીતે પાસેના ખંડમાં ઊભા રહી સાંભળતી હતી. સ્ત્રીઓએ પોતાના પતિદેવની ચારે તરફ ચોકી રાખવી પડે છે, કારણ કે આ માયાવી સંસારમાં સુખમાં પલિતો ચંપાતા વાર લાગતી નથી. બાળકને સાચવવું સહેલું છે પણ પતિ દેવની સંભાળ રાખવી એ ભારે કઠિન છે. પુત્રના પ્રશ્નનો જવાબ આપવાનું મેનાવતીએ પ્રથમ તો ટાળ્યુ, પણ ગોપીચંદે જ્યારે બહુ દબાણ કર્યું ત્યારે માતાએ સંસારની અસારતા, બાહ્ય સુખોની પોકળતા અને ભોગોની વિરૂપતા સમજાવી કહ્યું: 'માનવજીવનની સાચી સાર્થકતા તો એવી રીતે જીવન જીવવામાં છે, કે જેથી જન્મ–મરણનો સદા માટે અંત આવી જાય. આપણા ગામમાં જલંદરનાથ આવ્યા છે તેનો સહવાસ સાધી ધર્મનો માર્ગ સમજી લે એવી મારી ઇચ્છા છે.'

ગોપીચંદે વિવેકપૂર્વક કહ્યું: 'માતા! તમારી વાત સાચી છે, પણ ધર્મ માટે યોગ્ય વય થશે એટલે હું મારૂં સર્વ લક્ષ તે પર કેન્દ્રિત કરીશ.'

કરુણાર્દ્રભાવે મેનાવતીએ આછા સ્મિતપૂર્વક કહ્યું: 'જીવનનો શો ભરોસો? તારી માફકજ તારા પિતાજી વિચારતા હતા અને ક્રૂર કાળ એકાએક આવી તેને ઘસડી ગયો. આવતી કાલે હું જીવન્ત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રહેવાનો છું, એવી ચોક્કસ ખાતરી જેને હોય તે ધર્મની વાત કાલ પર મુલ્તવી રાખી શકે, પણ એવી ખાતરી આ જગતમાં કયા માનવીને છે?'

માતાની વાત ગોપીચંદને સાચી લાગી અને તે સંબંધમાં ગંભીર ભાવે વિચારણા કરવાની ખાતરી આપી માતા–પુત્ર છૂટા પડ્યાં. લોમાવતી પણ ચૂપચાપ ચાલી ગઈ.

બધી રાણીઓને ભેગી કરી, મીઠું મરચું ભભરાવી માતા પુત્ર વચ્ચેનો વાર્તાલાપ રજૂ કરતાં લોમાવતીએ કહ્યું: આ ડોકરી (મેનાવતી) આપણું સુખ જોઈ જળી જાય છે, એટલેજ પુત્રને ધર્મના માર્ગે લઈ જઈ આપણને રડાવા માગે છે. ત્યાં તો બીજીએ કહ્યું: પેટની બળી ગામ બાળે એમ એણે ધણીનું સુખ ખોયું, એટલે આપણે પણ ખોઈએ એમ ઇચ્છે છે. ત્રીજી રાણી બોલી: એ વિધવા થઇ એટલે આપણા સૌને પણ છતા ધણીએ વિધવા બનાવવા માગે છે? ત્યાં તો ચોથીએ કહ્યું: વિધવાઓને તો પતિ સાથેજ સળગાવી દેવી જોઈએ, જેથી આવા ભવાડા ન કરી શકે. પાંચમી જરા ઉગ્ર થઈ બોલી. આજે યુવાન વયે પુત્રને ધર્મના માર્ગે ચડાવવા નીકળી છે, પણ યુવાનીમાં આ ડહાપણ કયાં ગયું હતું? અને હતું તો પછી તેને પુત્ર–પુત્રી કયાંથી ટપકી પડ્યાં? છઠ્ઠી રાણીએ મર્મભરી ભાષામાં કહ્યું: સતી માતા મધ્ય રાત્રીએ હંમેશાં પેલા જોગટા પાસે ધર્મ શીખવા જાય છે કે તેને કર્મ શીખવવા? ત્યાં તો સાતમી રાણી બોલી: કાલે સવારે એ તો આપણને પણ જોગટાની પૂજા કરવાનું કહેશે, તો આપણે શું તેમ કરશું? આઠમી રાણીએ મક્કમતાપૂર્વક કહ્યું: અરે! જ્યાંસુધી આપણો માણસ (પતિ) આપણા હાથમાં રમે છે, ત્યાંસુધી એ ડોકરી કરી શું શકવાની? નવમી સૌથી નાની વધુ પડતી ચતુર હતી. તેણે કહ્યું: આમ વાતો કરવાથી કશું ન વળે. આપણે એવી યુક્તિ કરો કે જેથી માતા–પુત્રના સંબંધમાં તડ પડે. એવી યુક્તિ રચવામાં આવી અને તે પાર પાડવાનું કાર્ય લોમાવતીને સોંપાયું. સ્ત્રી ચરિત્ર દ્વારા ગોપીચંદને માતા પ્રત્યે નફરત અને ઘૃણા પેદા થાય એવી એ યોજના હતી.

જૂઠું બોલવું, સાહસ, કપટ, મૂર્ખપણું, અતિ લોભ, અપવિત્રપણું ને નિર્દયપણું એટલા દોષો તો સ્ત્રીઓમાં સ્વાભાવિક જ હોય છે. તેમાં તેને કશું શીખવવાની જરૂર નથી. એક રાતે ગોપીચંદ લોમાવતીના અંતઃપુરમાં ગયા ત્યારે તે ડુસકે ડુસકાંભરી રડી રહી હતી. રાજા વિચારમાં પડયો કે કોઈ દિવસ નહિ અને આજે આ શું? રડવાનું કારણ પૂછયું ત્યારે પ્રથમ તો તે કશું ન બોલી, પણ રાજાએ પોતાના સોગન આપ્યાં ત્યારે વળી રડતાં રડતાં જ કહ્યું: તમે સોગન આપ્યાં એટલે કહ્યા વગર ચાલે તેમ નથી; પણ આ વાત તમારી જેવા સુકોમળ હૃદય ધરાવનારને સાંભળવા જેવી નથી. બા (મેનાવતી) દરરોજ મધ્ય રાતે ગામમાં પેલો જોગટો આવ્યો છે તેની પાસે જાય છે અને કાનમાં કીડા પડે એવી વાતો ગામ લોક કરે છે. તમારા મોઢે તો આવી વાત કહેવાની હિંમત કોણ કરી શકે? પણ હવે તો અમને પણ મોઢું બતાવતાં શરમ અને સંકોચ થાય છે. પેલા જોગટાની પકડમાંથી બાને કોઇ પણ માર્ગે મુક્ત કરાવો.

ગોપીચંદ આ વાત સાંભળી સ્તબ્ધ થઇ ગયો. તે રાતે નિદ્રા તેની વેરણ બની ગઈ. બીજા દિવસે પ્રધાન મારફત આ વાતની તપાસ કરાવી અને તે સત્ય માલૂમ પડતાં જાલંદરનાથને તેની ઝૂંપડી નજીક ખાડો ખોદી દાટી દેવાનો હુકમ કર્યો રાતો રાત આ વિધિ પતી ગઇ અને સવારે ગામ લોકોએ જાણ્યું કે જાલંદરનાથ તો રાતોરાત અન્ય સ્થળે ચાલી ગયા. જાલંદરનાથ તો મહાયોગી હતા અને સમાધિમાં બેસતાં પહેલાં વજ્રાસ્ત્ર અને આકાશાસ્ત્રનો મંત્ર ભણી બેઠાં હતાં એટલે ખાડામાં પણ તેઓ તો તેજ આસને બેસી રહ્યાં હતાં

ઉપરનો બનાવ બન્યાં પછી દશેક વરસે જાલંદરનાથનો શિષ્ય કાનિફાનાથ ગુરુની તપાસ કરવા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ત્યાં આવ્યો. કાનિફાનાથનો ત્યાં અપુર્વ સત્કાર કરવામાં આવ્યો મેનાવતીએ જાલંદરનાથ કોઈને કશું કહ્યાં વિના એકાએક ચાલી ગયા તે માટે શોક દર્શાવ્યો. ગોપીચંદે પણ કાનિફાનાથને સોનાના સિંહાસન પર બેસાડી વંદન કર્યા. નવે રાણીઓ બડબડી: ભૂત ગયો અને દશ વર્ષે વળી આ પલિત કયાંથી જાગ્યો?

કાનિફાનાથને માહિતી મળી ગયેલી કે જાલંદરનાથને સમાધિ અવસ્થામાં જ કોઈ કાવત્રાના કારણે રાજ તરફથી દાટી દેવામાં આવ્યા હતા. ગોપીચંદને સાચી વાત કહી દેવાનું જણાવતાં તેણે સાચી વાત કબૂલી દીધી, અને જે જગ્યાએ જાલંદરનાથને દાટવામાં આવ્યા હતા તે જગ્યા ખોદતાં, તેમાંથી સમાધિ અવસ્થામાં બેઠેલાં તેઓ જીવતાં નીકળી આવ્યાં. ગોપીચંદને આ મહાન યોગીની પવિત્રતા અંગે ખાતરી થઈ અને માતાના જીવન અંગે પોતે શંકા કરી તેનો ભારે પશ્ચાત્તાપ થયો. જે પત્નીઓને તે પોતાનું સર્વસ્વ માનતો, તેજ પત્નીઓએ કેવો દગો કર્યો તેની ખબર પડતાં સંસાર પરથી તેનું દિલ ઊઠી ગયું અને જાલંદરનાથ પાસે ત્યાગ ધર્મની દીક્ષા લેવાની તૈયારી કરી. મેનાવતીના આનંદનો પાર ન રહ્યો. લોમાવતીને એક પુત્ર મુક્તચંદ નામે હતો તેને રાજગાદી પર બેસાડયો.

રાણીવાસમાં આ ખબર પડતાં હાહાકાર થઇ રહ્યો. તેઓને થયું: આપણા પતિને આપણે આપણી જ મૂર્ખાઇના કારણે ખોઇ બેઠા.

જાલંદરનાથે ગોપીચંદને યોગ્ય મુહૂર્તે દીક્ષા આપી અને રજવાડી પહેરવેશ ઉતરાવી નાથપંથી સાધુનો વેશ સજાવ્યો. ગોપીચંદે કૌપીન પહેરી, કાનમાં મુદ્રા ઘાલી, શરીરપર શૈલીકંથા ધારણ કરી અને બગલમાં ભસ્મની ઝોળી લીધી. આ રીતે સાધુ બની સૌથી પ્રથમ પોતાની માતાને વંદન કર્યાં ત્યારે માતાએ તેના જન્મ મરણના ફેરાનો અંત આવે એવા આશીર્વાદ આપ્યા.

ગુરુની આજ્ઞાનુસાર ગોપીચંદ પછી અંતઃપુરમાં રાણીઓ પાસે ભિક્ષા લેવા ગયા, ત્યારે નવે રાણીઓએ પોતાના અપરાધની કબૂલાત કરી ક્ષમા માગી. ગોપીચંદે તેઓને કહ્યું: 'તમે સૌ તો મારા ઉપકારી છો. કોઇ જ્ઞાની મહાત્માએ કહ્યું છે કે જો સંસાર સમુદ્રમાં દુસ્તર એવી મદિરેક્ષણાઓ (સ્ત્રીઓ) ન હોત, તો તેને તરવાનો માર્ગ કાંઈ દૂર નથી, પણ મને લાગે છે કે સ્ત્રીઓમાં કુદરતે દોષો મૂકેલાં છે તે ઠીક જ કર્યું છે, કારણકે એવા દોષો ન મૂકયા હોત તો મારી જેવા રાગાંધનાં ચક્ષુઓ કદી ઉઘડવાંજ ન પામત!'

સંસારમાં પાછા ફરવા રડતાં રડતાં બધી રાણીઓએ આજીજી કરી ત્યારે ગોપીચંદે તેનો જવાબ આપતાં કહ્યું:

મારા વિયોગે રડો નહિ, રડો બ્રહ્મ વિયોગે,<br>
આશરો તેનો માંગી રહો, સહુ વૈભવને ભોગે.

અને ત્યાંથી પછી ગોપીચંદજી બદરિકાશ્રમને રસ્તે તપ તપવા ચાલી નીકળ્યાં.

*

# સ્વર્ગવાસ નોંધ

—ભાવનગરવાળા (હાલ મુંબઇ) ન્યુ ઇલેકટ્રીક ટ્રેડીંગ કું. વાળા શાહ પન્નાલાલ ભીખાભાઈ સં. ૨૦૨૮ના જેઠ શુદિ ૯ ને મંગળવાર તા. ૨૦-૬-૭૨ના રોજ મુંબઇ મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ આ સભા ખૂબ દુઃખપૂર્વક લે છે. તેઓશ્રી ખૂબ મળતાવડા સ્વભાવના અને ધાર્મિક વૃત્તિના હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ અભ્યર્થના.

—ટાણાવાળા (હાલ ભાવનગર) શાહ રતિલાલ ત્રિભોવનદાસ સં. ૨૦૨૮ના જેઠ શુદિ ૧૫ સોમવાર તા. ૨૩-૬-૭૨ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસી થયેલ છે તેની નોંધ લેતા અમો ઘણા જ દિલગીર છીએ તેઓશ્રી ધર્મપ્રેમી અને સ્વભાવે ખૂબ મીલનસાર હતા અને સભા પ્રત્યે ખૂબ લાગણી ધરાવતા હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા. શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતી જૈન ભક્તિસાહિત્ય : પૂજાઓ અને પૂજનવિધિ

લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જીવોના બે વર્ગ છે : સિદ્ધ અને સંસારી. સંસારી જીવો જન્મમરણના ફેરામાંથી છૂટવા માટે વિવિધ માર્ગો ગ્રહણ કરે છે. એ બધામાં પરમાત્માની સાચા દિલથી [1]ભક્તિ કરવાનો માર્ગ સામાન્ય જનો માટે વિશેષ સુગમ છે. આમ હોઇ એને અંગે ભિન્ન ભિન્ન પ્રકારનું સાહિત્ય પરાપૂર્વથી રચાતું આવ્યું છે. જૈનોએ પણ તેમ કર્યું છે. એના ફળરૂપે આપણને જાતજાતનાં સ્તુતિ-સ્તોત્રો વગેરે જોવાં મળે છે.

ગુજરાતી ભાષાનો ઉદ્ભવ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિના જીવનના લગભગ સન્ધ્યા સમય-અર્થાત્ વિક્રમની તેરમી સદીના પ્રારંભમાં થયેલો મનાય છે એટલે વહેલામાં વહેલા એ સમયથી ગુજરાતી જૈન ભક્તિ સાહિત્ય રચાવા માંડ્યું હશે પરંતુ આપણે જેને 'પૂજા' તરીકે ઓળખાવીએ છીએ એવી કૃતિઓ તો વિક્રમની ૧૬મી સદી પૂર્વે રચાયેલી જણાતી નથી. વિ. સં. ૧૫૦૦ થી વિ. સં. ૧૫૩૪ સુધી તો વિદ્યમાન દેપાલ ભોજકે રચેલી સ્નાત્રપૂજા એ જ ગુજરાતી પૂજા-સાહિત્યની પ્રથમ કૃતિ છે એમ ઉપલબ્ધ સાહિત્ય જોતાં જણાય છે. એ તેમ જ એવી બીજી કૃતિઓ ત્યાર બાદ રચાઈ છે. અને આજે પણ રચાય છે.

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૧૦૮) માં કહ્યું છે કે ભક્તિમાર્ગનો ઉદય આ (સત્તરમા) શતકમાં વિશેષ થયો. 'વલ્લભી' સંપ્રદાયનો પ્રવેશ ગુજરાતમાં થઈ ચૂક્યો હતો. ભક્તિની અસરથી એક વિશિષ્ટ સાહિત્ય આ શતકમાં જૈનોમાં ઉદ્ભવ્યું તે 'પૂજા-સાહિત્ય' છે." આ સંબંધમાં વિશેષ વિચાર કરાય તે પૂર્વે પૂજા વિષે થોડુંક કહીશ :

પૂજાના બે પ્રકારો છે : દ્રવ્ય-પૂજા અને ભાવ-પૂજા. બાહ્ય વસ્તુઓનો આશ્રય લઈ આરાધ્યની કરાતી પૂજા તે 'દ્રવ્ય-પૂજા' છે જ્યારે તેમનું ગુણોત્કીર્તન એ 'ભાવ-પૂજા' છે. દ્રવ્ય-પૂજાના બે પ્રકારો છે : અંગપૂજા અને અગ્રપૂજા. અંગ-પૂજા જિનેશ્વરની પ્રતિમાને એક યા બીજી રીતે સ્પર્શીને કરાતી પૂજા છે જ્યારે અગ્ર પૂજા એ પ્રતિમાથી થોડેક અંતરે ધૂપ વગેરે દ્વારા કરાતી પૂજા છે. તે બેમાંથી એકેય પૂજા શ્રમણ કે શ્રમણીને કરવાની નથી-એમને તો ભાવ-પૂજા જ કલ્પે. શ્રાવક-શ્રાવિકાએ પણ દ્રવ્ય-પૂજા પછી ભાવ-પૂજા કરવી જોઈએ. તેમ થાય તો જ પૂજા કરેલી સાર્થક ગણાય.

પૂજા પ્રકરણ—વિદ્યાવારિધિ ઉમાસ્વાતિએ આ કૃતિ રચ્યાનું કેટલાક કહે છે. એમાં ૧૮ પદ્યો સંસ્કૃતમાં પૂજા વિષે પ્રકાશ પાડે છે. આ કૃતિ પ્રકાશિત છે.

જિનપૂજા-ચૈત્યવંદન—આ વૈયાકરણ વિનયવિજય ગણિની રચના છે. આ બે સ્થળેથી છપાવાઈ છે.

નવ અંગ પૂજા—શુભવિજયના શિષ્ય વીરવિજયે જિનપ્રતિમાને લક્ષીને દસ દોહરા રચ્યા છે. એ દ્વારા એમણે નિમ્ન લિખિત નવ અંગોની પૂજા અને તે તે અંગની પ્રાયઃ સહેતુકતા વિષે નિર્દેશ કર્યો છેઃ—

(૧) બંને ચરણના અંગૂઠા, (૨) બે ઘૂંટણો, (૩) બે હાથના કાંડા, (૪) બંને ખાંધ, (૫) મસ્તક, (૬) લલાટ, (૭) ગળું (૮) હૃદય અને (૯) નાભિ (ડૂંટી).

આ કૃતિ અંગપૂજા સાથે સંબંધ ધરાવે છે. એ "સજ્જન સન્મિત્ર" વગેરેમાં છપાઈ છે.

સૂર્યાભદેવની પૂજનવિધિ—રાયપ્પસેણઇજ્જ (રાજપ્રસેનકીય)માં સૂર્યાભદેવે જે પૂજનવિધિ કરી તે વિષે માહિતી અપાઈ છે. આ સંબંધમાં મેં નિમ્ન

૧. આ સંબંધમાં "હરિભક્તિરસામૃતસિન્ધુ"માં ક્ષાન્તિ વગેરે નવ વિગતો અપાઈ છે. "શ્રી પ્રતિક્રમણ-સૂત્ર પ્રબોધ-ટીકા (ભા. ૩, પૃ. ૩૨૬-૩૨૭)માં એ રજૂ કરાઈ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લિખિત લેખ લખ્યો હતો તે "જૈન ધર્મ પ્રકાશ" (પુ. ૭૯, અં. ૨)માં છપાયો છે:—

"જિન પ્રતિમાદિની પ્રાચીન પૂજનવિધિ".

દ્રૌપદીએ કરેલું પૂજન—નાયાધમ્મ કહા (જ્ઞાતા ધર્મ કથા)ના પ્રથમ શ્રુત સ્કન્ધમાંના સોળમા અધ્યયનમાં જિનમંદિરમાં ગયા બાદ દ્રૌપદીએ શું શું કર્યું તે દર્શાવાયું છે. એમાંની કેટલીક વિગતો માટે સૂર્યાભદેવની પૂજનવિધિની ભલામણ કરાઈ છે.

મહાવીર કળશ—(૧) કળશ (૧-૭)—નન્નિગે અપભ્રંશમાં અને કોઇએ (?) સંસ્કૃતમાં 'મહાવીર કલશ' નામની એકેક કૃતિ રચી છે. વિશેષમાં શ્રી (જય)મંગલસૂરિએ [2]મહાવીર વૃદ્ધ કલશ રચ્યો છે. એ ચારેની હાથપોથીઓનો પરિચય મેં D. C G C. M. (Vol XVII p rt. ૪)માં આપ્યો છે અને એ ભાગમાં મેં એકેક અજ્ઞાતકર્તૃક અને એક પદ્ય પૂરતી અભિષેક નામની કૃતિની પણ નોંધ લીધી છે.

નન્નિગ વિષે વિશેષ માહિતી મને મળી શકી નથી.

"મહાવીર-વૃદ્ધ-કલશ" અંગે વિશેષ કહું તે પૂર્વે એ નોંધીશ કે પાટણના ભંડારોને લગતા સૂચી પત્ર (પૃ. ૧૮૪-૧૮૫)માં જન્માભિષેક નામના અને વીર સંબંધી એક અપભ્રંશ કૃતિ વિષે ઉલ્લેખ છે.

(૪) મહાવીર-વૃદ્ધ-કલશ આ કૃતિની "મહાવીર જન્માભિષેક, ૧૮ કુંક, તેના કર્તા આદિ દેવસૂરિના શિષ્ય રાયચંદ(દ્ર)સૂરિ શિષ્ય જયમંગલસૂરિ ઉલ્લેખ પૂર્વક જૈન ગૂર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૭૫)માં નોંધ કરાઇ છે. સાથે સાથે આ કૃતિનાં પદ્યો ૧૧. ૧૨, ૧૭ અને ૧૮ એમાં ઉધ્ધૃત કરાયાં છે. મારા સૂચી પત્રમાં તો આ કૃતિના ૧૬ પદ્યો હોવાનો ઉલ્લેખ છે. અને એમાં પદ્ય ૧, ૨ તેમજ ૧૩-૧૬ અપાયા છે. વિ. પૂ. સં. (૨)માં "શ્રેય; પલ્લવસંતુ"થી શરૂ થતાં એ સંસ્કૃત પદ્યો, ત્રણ પંકિત પૂરતું સંસ્કૃત ગદ્યાત્મક લખાણ અને ત્યાર પછી અપભ્રંશમાં ૧૫ પદ્યો છે. 'છવ્વીસો છંદ' એવા ઉલ્લેખ પૂર્વક ત્રણ પદ્યો, પછી અન્ય ત્રણ પદ્યો, 'વસ્તુ છંદ' શીર્ષકવાળું એક પદ્ય, 'બત્તીસો છંદ રૂપ મથાળાવાળા ચાર પદ્યો છે. આમ કુલ્લે ૧૭ પદ્યો અપાયાં છે.[3]

આ કૃતિ વિક્રમની તેરમી સદી જેટલી પ્રાચીન હોઇએ સમીક્ષાત્મક સ્વરૂપ ગુજરાતી અનુવાદ સહિત સત્વર પ્રકાશિત થવી ઘટે, પ્રસ્તુત કૃતિની આઠ પંકિતની ગુજરાતી છાયા આપણા કવિઓ (પૃ. ૧૦૭) માં અપાઈ છે.

પૂજાની વિધિ—આ પૂર્વે મેં આ વિષે ઉલ્લેખ કર્યો છે. આથી અહીં તો સમભાવભાવી હરિભદ્રસૂરિએ પંચાસગ (પંચાશક)માં 'પૂજાની વિધિ' નામનું ત્રીજું પંચાસગ રચ્યું છે અને સમગ્ર કૃતિ ઉપર અભયદેવસૂરિએ વૃત્તિ રચી છે એ બાબતો હું દર્શાવું છું. સાથે સાથે વિ. સં. ૧૩૨૭માં રચાયેલ "સપ્તક્ષેત્રિરાસુ" પૂજા સમારંભ વગેરેની માહિતી પૂરી પાડે છે એ વાત એ વાત હું ઉમેરું છું.

## (૨) સ્નાત્રપૂજાઓ (૧-૪) અને કળળ (૫-૭)

(૧) સ્નાત્ર પૂજા—આ ભોજક દેપાલની રચના છે એનો પ્રારંભ બે પ્રાકૃત ગાથાઓથી કરાયો છે પછી મુખ્યતયા ગુજરાતીમાં પદ્યાત્મક લખાણ છે એની શરૂઆત 'પવિત્ર ઉદક લઈ અંગ અનાલી'થી કરાઇ છે. જ્યારે અંત 'વસ્તુ' છંદમાં રચાયેલા અને 'ભવિયહ પૂરઉ આસ' એવા અંત્ય શબ્દોથી કરાયે છે. એમાં એકંદર પાંચ કુસુમાંજલિ ચડાવવાનો ઉલ્લેખ

---

૨. આ સંપૂર્ણ કૃતિ શ્રી જશવંતલાલ ગીરધરલાલ શાહે વિ. સં. ૨૪૨૬માં પ્રકાશિત વિવિધ પૂજા સંગ્રહ (પૃ. ૪૦-૪૩)માં છપાયું છે. પરંતુ અશુદ્ધિઓ રહેવા પામી છે. આ હતિનો હવે પછી ઉલ્લેખ "વિ. પૂ. સં. (૨)" તરીકે કરાશે.

૩. અહીં આ કૃતિનું નામ "શ્રી વર્ધમાન સ્વામી જન્માભિષેક કલશ" અપાયું છે અને ગદ્યાત્મક લખાણના અંતમાં "શ્રીમન્મહાવીર-જન્માભિષેક કલશમ્" છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે. તૃતીય કુસુમાંજલિ પછી 'વસ્તુ' છંદમાં પદ્ય છે. આમ આ કૃતિમાં 'વસ્તુ' છંદ બે વાર જોવાય છે.

પોપટલાલ સાકરચંદ શાહ તરફથી સને ૧૯૪૧માં પ્રકાશિત [4]વિવિધ પૂજા સંગ્રહમાં સંસ્કૃત-પ્રાકૃત લખાણ જેવું જોઈએ તેવું શુદ્ધ નથી. છંદ પ્રમાણે ચરણો ન રજૂ કરતાં સાંધી લીટીઓ જાણે ગદ્ય હોય તેમ એને લગતું લખાણ છપાયું છે. વિશેષમાં 'દેપાલ' ને બદલે 'દેવપાલ' નામ છે. આ ઉપરાંત રત્નાકરે રચેલા "આદિનાથ-જન્માભિષેક" તેમ જ વચ્છ ભંડારીકૃત નવપલ્લવ "પાર્શ્વનાથ-કળશ"ને પ્રસ્તુત કૃતિમાં જરાક જુદા નામે ભેળવી દીધી છે આથી આ ત્રણે કૃતિઓ સમીક્ષાત્મક સ્વરૂપે રજૂ કરાવી ઘટે. છેલ્લી બે કૃતિઓ નીચે મુજબ છે:—

આદિનાથ-જન્માભિષેક—આ રત્નાકર નામના મુનિએ રચ્યો છે. એમાં પ્રારંભમાં તેમ જ અંતમાં 'વસ્તુ' છંદમાં એકેક પદ્ય છે. દ્વિતીય પદ્ય પછી 'હરિગીત'માં બે પદ્યો છે. આ કૃતિમાં ૨+૨+૭+૧૦ =૨૧ પદ્યો છે. એમાં વૃષભ વગેરે ચૌદ સ્વપ્નોનો ઉલ્લેખ છે. આ પૂર્વે જયમંગલસૂરિએ મહાવીર-[5]જમ્માભિસેય (મહાવીર-જન્માભિષેક) નામની કૃતિ અપભ્રંશમાં રચી છે.

(૧) 'નવપલ્લવ' પાર્શ્વનાથ-કળશ—આ વચ્છ ભંડારીની કૃતિ છે. એને કવિએ 'કળશ' કહ્યો છે. એમાં ૧+૧૫+૭=૧૯ પદ્યો છે. આ કૃતિમાં અશ્વસેનની નગરી, પાર્શ્વનાથની માતા વામાદેવીએ જોયેલાં ૧૪ સ્વપ્નો અને પાર્શ્વનાથનો જન્માભિષેક એ બાબતો વર્ણવાઈ છે. અંતમાં 'નવપલ્લવ જિન' તેમ જ મહિમાસાગરનો ઉલ્લેખ છે. 'મહિમાસાગર' એટલે મહિમાનો સમુદ્ર એ અર્થ ઉપરાંત શું 'મહિમાસાગર' એ વચ્છ ભંડારીના ગુરુનું-પૂજ્યનું નામનું તો સૂચન નથી એવો પ્રશ્ન મને સ્ફુરે છે.

(૨) સ્નાત્રપૂજા—આ રાજસાગરના હસ્તે વિ. સ. ૧૭૫૬માં દીક્ષા લેનાર અને વિ. સં. ૧૮૧૨માં સ્વર્ગે સંચરનારા 'ખતર' ગચ્છીય દેવચન્દ્રની રચના છે. એમાં આઠ ઢાલ છે. અને અંતે 'કળશ' છે. પહેલી અને ત્રીજી ઢાલના અંતમાં એકેક પદ્ય 'વસ્તુ' છંદમાં છે. સાતમી ઢાલમાંનાં ચાર પદ્યો પછી તેમ જ એ ઢાલના અંતમાં પણ એકેક પદ્ય 'વસ્તુ' છંદમાં છે. આમ ચાર પદ્યો 'વસ્તુ' છંદમાં છે. આઠમી ઢાલના અંતમાં "જન્મમહોત્સવ છંદ" ઉલ્લેખ છે. આ પૂજા વિ. પૂ. સં. (૨)માં છપાઈ છે.

(૬) શાન્તિ જિન કળશ—આ જ્ઞાનવિમલસૂરિએ રચ્યો છે એનો પ્રારંભ સંસ્કૃતમાં રચાયેલા એક પદ્યથી કરાયો છે. ત્યાર બાદ થોડુંક લખાણ સંસ્કૃતમાં ગદ્ય રૂપે છે. પછી એકંદર ચાર ઢાલ છે. એ દ્વારા શાન્તિનાથના જન્મકલ્યાણકનું વર્ણન કરાયું છે. આ વિ. પૂ. સં. (૨)માં છપાયો છે.

(૭) અજિત જિન કળશ—આ ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે રચ્યો છે. એમણે વિ. સં. ૧૮૦૫માં દીક્ષા લીધી હતી એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૮૬૨ માં થયો હતો. એમણે પ્રસ્તુત લઘુ કૃતિ દ્વારા અજિત-નાથનો જન્મમહોત્સવ વર્ણવ્યો છે. આ 'કળશ' વિ. પૂ. સં. (૨)માં છપાયો છે.

(૩) સ્નાત્ર પૂજા—આ શુભવિજયના શિષ્ય વીર-વિજયે રચી છે. એમાં 'વસ્તુ' છંદમાં બે પદ્યો છે. એક ઢાલ જે કડવાની દેશીમાં છે તેમાં "કળશ જિન મહોત્સવનો" એવો ઉલ્લેખ છે. પ્રસ્તુત વીરવિજયે વિ. સં. ૧૮૪૮માં શુભવિજય પાસે દીક્ષા લીધી હતી. આ વીરવિજય વિ. સં. ૧૯૦૮માં સ્વર્ગે સિધાવ્યા હતા. એમણે રચેલી આ પૂજા વિ. પૂ. સં. (૨)માં છપાઇ છે.

(૪) સ્નાત્ર પૂજા—આ આત્મારામજીએ ઉર્ફે વિજયાનન્દસૂરિએ ઝંડીઆલામાં વિ. સં. ૧૯૫૦માં

---

૪. હવે પછી આનો નિર્દેશ "વિ. પૂ. સં. (૧)" એમ કરાશે.

૫. "જમ્માભિસેય અને મહાવીર કલશ" નામનો મારો લેખ "જૈન સત્ય પ્રકાશ" (વર્ષ ૧૪, અં. ૩-૪)માં છપાયો છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રચી છે. એ [6]વિ. પૂ. સં. (પૃ. ૩૫૧–૩૬૩)માં પ્રકાશિત કરાઇ છે.

## (૩) અષ્ટ પ્રકારી પૂજાઓ (૧–૧૧)

પૂજાઓના વિવિધ પ્રકારો છે. એમાંનો એક પ્રકાર તે 'અષ્ટ પ્રકારી પૂજા' છે. આ નામ આ પૂજાને અંગે જે નિમ્ન લિખિત આઠ સાધનો વપરાય છે તે ઉપરથી યોજાયું છે:—

(૧) જળ, (૨) ચંદન, (૩) પુષ્પ, (૪) ધૂપ, (૫) દીપક, (૬) અક્ષત, (૭) નૈવેદ્ય અને (૮) ફળ.

અષ્ટ પ્રકારી પૂજા અંગે રાસ પણ રચાયા છે. એ નીચે મુજબ છે:—

(૧) અષ્ટપ્રકારની પૂજા રાસ—આ રાસ જય વિમલના સેવકે–શિષ્ય નામે પ્રીતિવિમલે ક્ષેમપુરીમાં વિ. સં. ૧૬૫૬માં રચ્યો છે અને એ છોટાલાલ મગનલાલે છપાવ્યો છે.

(૨) અષ્ટપ્રકારની પૂજા રાસ—આ કૃતિ ઉદયરત્ને 'અણુહિલપુર' પાટણમાં વિ. સં. ૧૭૫૫માં રચી છે. આના પ્રારંભના અગિયાર દૂહાઓ અને અંતમાંની સત્તર કડીઓ જૈન ગુર્જર કવિઓ (ભા. ૨ પૃ. ૩૮૯–૩૯૧)માં ઉત્ધૃત કરાયાં છે. આની એક હાથપોથીનો પરિચય મેં D. C. G C. M. ( Vol. XIX dec 2, Pt 1, Pt 48-51 )માં આપ્યો છે, પ્રસ્તુત રાસ કોઈ સ્થળેથી છપાયાનું જાણવામાં નથી.

(૩) આ જ નામનો રાસ ધીરસાગરના શિષ્ય ફત્તેન્દ્રસાગરે 'બગડી' નગરમાં શરૂ કરી વિ. સં. ૧૮૫૦માં એમાતટમાં પૂર્ણ કર્યો. જૂઓ જૈ. ગૂ. ક. (ભા. ૩ ખંડ ૧, પૃ. ૧૮૧–૧૮૩) મૂળ છે.

(૧) અષ્ટપ્રકારની પૂજા—આ ઉત્તમવિજયના શિષ્ય પદ્મવિજયે વિ. સં. ૧૮૧૯માં ઘોઘામાં રચી છે. એનાં પહેલાં ત્રણ પદ્યો અને અંતમાંનાં પાંચ પદ્યો જૈ. ગૂ. ક. (ભા. ૬, ખંડ ૧, પૃ. ૭૫–૭૬)માં અપાયાં છે. પૃ ૭૬માં "સર્વ ઢાલ ૧૬ ગાથા ૭૬ શ્લોક ૧૨૫ આસરે "ઉલ્લેખ છે. પૃ. ૭૫ ગત ત્રીજું પદ્ય નીચે મુજબ છે.

"ન્હવણ વિલેપન કુસુમની, ધૂપ દીપ મનોહાર;
અખંડ અક્ષત નૈવેદ્યની, અષ્ટમી ફળ સુવિચાર–૩"

(૨) અષ્ટપ્રકારની પૂજા—આ પૂજા જ્ઞાનસાગરના શિષ્યે જ્ઞાન ઉદ્દ્યોતે વિ. સં. [7]૧૮૨૩માં રચી છે અને એના પછી વસ્ત્ર–પૂજા, લૂણ–ઉતારણ, આરતી અને મંગલ દીપકને અંગે કાવ્ય છે. આ પૂજા શ્રીમદ્ દેવચંદ્ર (ભા. ૨, પૃ. ૮૮૪–૮૯૧)માં પ્રકાશિત કરાઈ છે.

(૩) અષ્ટપ્રકારની પૂજા—આ શુભવિજયના શિષ્ય વીરવિજયની વિ. સં. ૧૭૫૮ની રચના છે. અંતમાં 'કળશ' છે.

(૪) અષ્ટપ્રકારની પૂજા—આ જિનવિજયના શિષ્ય ઉત્તમવિજયે વિ. સં. ૧૮૧૩માં રચી છે એ વિ. પૃ. સં. માં છપાઈ છે.

(૫) અષ્ટ પ્રકારી પૂજા—આ વિનીતવિજયના શિષ્ય દેવવિજયે ( ? કીર્તિવિમલે) પાદરામાં વિ. સં. ૧૮૨૧માં રચી છે. એના શરૂઆતના ચાર દોહા, અંતમાંનાં પદ્યો ૩–૬, કળશ, અને એના પછીનું સંસ્કૃતમાં એક પદ્ય જૈ. ગૂ. ક. (ભા. ૩, ખંડ ૧, પૃ. ૧૦૭–૧૦૮)માં ઉધ્ધૃત કરાયાં છે.

(૬) અષ્ટ પ્રકારી પૂજા—આ રૂપવિજયની વિ.સં. ૧૮૭૯ની રચના છે. એમાંથી કશું અવતરણ જૈ. ગૂ. ક.માં અપાયું નથી.

(૭) અષ્ટ પ્રકારી પૂજા–આ અમરવિજયના શિષ્ય કુંવરવિજયે વિક્રમની ૧૯મી સદીમાં રચી છે. એ વિ. પૂ. સં. (૧)માં છપાઇ છે.

(ક્રમશઃ)

૬. આ કૃતિનો ઉલ્લેખ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨–૩)માં છે.

૭. ગુણ યુગ અચલ ઇન્દુ = ૧૮૨૩. આજ વર્ષમાં એમણે "એકવીસ પ્રકારની પૂજા" પણ રચી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જાહેરાત

"આત્માનંદ પ્રકાશ"નો આગામી શ્રાવણ–ભાદ્રપદનો સંયુક્ત અંક "પર્યુષણ ખાસ અંક" તરીકે તા. ૧–૯–૭૨ના અરસામાં પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારી તેમજ પોસ્ટના વધેલા દરને અંગે આ માસિક ખોટમાં ચાલે છે. એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને અંકને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતો બધો પ્રયાસ કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમે એ આવતો અંક "પર્યુષણ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી વિશેષ રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ, અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે તો વિદ્વાન આચાર્યો મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો તા. ૧૫–૮–૭૨ સુધીમાં બને તેટલા વેલાસર મોકલી અમોને આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેરખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે. તો વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય–શિક્ષણ–સંસ્થાઓને અમારી વિનંતિ છે કે પર્યુષણ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપીને અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેરાતનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો ખાત્રી આપી છીએ.

**: જાહેરાતના દર :**

| | |
|---|---|
| અંદરનું પેજ આખું : રૂા. ૫૦–૦૦ | પેજ અર્ધું : રૂા. ૩૦–૦૦ |
| ટાઈટલ પેજ બીજું અથવા ત્રીજું : રૂા. ૬૦–૦૦ | ટાઇટલ પેજ ચોથું : રૂા. ૭૫–૦૦ |

આપનો લેખ અગર જાહેરખબર તરત મોકલી આભારી કરશો.

---

# ખાસ વિનંતિ

સભાની સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિને વેગ આપવા માટે તેમ જ, આમ જનતાને પ્રિય થઈ પડે તેવું જૈન સાહિત્ય પ્રગટ કરવાની એક યોજના સભાએ વિચારી છે તેને મૂર્ત સ્વરૂપ આપવા માટે દાતાઓના સહકારની સભાને ખાસ જરૂર છે. તો દાતાઓએ અમારો સંપર્ક સાધવા વિનંતિ છે. તે માટે લખો.

## શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ખાસ વસાવવા જેવા કેટલાક અલભ્ય ગ્રંથો

### સંસ્કૃત ગ્રંથો

| | |
|---|---|
| ૧ વસુદેવ હિણ્ડી–દ્વિતીય અંશ | ૧૦–૦૦ |
| ૨ બૃહત્કલ્પ સૂત્ર ભા. ૬ ઠ્ઠો | ૨૦–૦૦ |
| ૩ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત મહાકાવ્યમ્ ભા. ૨, પર્વ ૨, ૩, ૪ (મૂળ સંસ્કૃત) પુસ્તકાકારે | ૧૨–૦૦ |
| ૪ ,, ,, પ્રતાકારે | ૧૫–૦૦ |
| ૫ દ્વાદશાર નયચક્રમ્ | ૪૦–૦૦ |
| ૬ સમ્મતિતર્ક મહાર્ણવા વતારિકા | ૧૫–૦૦ |
| ૭ તત્ત્વાર્થાધિગમસૂત્રમ્ | ૧૫–૦૦ |
| ૮ પ્રબંધપંચશતી | ૧૫–૦૦ |

*

### અંગ્રેજી ગ્રંથો

| | |
|---|---|
| 1 **Anekantvada by H. Bhattacarya** | **3-00** |
| 2 **Shree Mahavir Jain Vidyalaya Suvarna Mahotsava Granth** | **35-00** |

*

### ગુજરાતી ગ્રંથો

| | |
|---|---|
| ૧ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર | ૧૫–૦૦ |
| ૨ શ્રી તીર્થંકર ચરિત્ર | ૧૦–૦૦ |
| ૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૪–૦૦ |
| ૪ કાવ્ય સુધાકર | ૨–૫૦ |
| ૫ આદર્શ જૈન સ્ત્રીરત્ન ભા. ૨ | ૨–૦૦ |
| ૬ કથારત્ન કોષ ભા. ૧ | ૧૨–૦૦ |
| ૭ કથારત્ન કોષ ભા. ૨ | ૧૦–૦૦ |
| ૮ આત્મ વલ્લભ પૂજા સંગ્રહ | ૩–૦૦ |
| ૯ આત્મ કાન્તિ પ્રકાશ | ૧–૫૦ |
| ૧૦ જ્ઞાન પ્રદીપ ભા. (૧ થી ૩ સાથે) પૂ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૦–૦૦ |
| ૧૧ સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |
| ૧૨ અનેકાન્તવાદ | ૨–૦૦ |
| ૧૩ નમસ્કાર મહામંત્ર | ૨–૦૦ |
| ૧૪ ચાર સાધન | ૨–૦૦ |
| ૧૫ ભગવાન મહાવીર યુગના ઉપાસકો | ૨–૦૦ |
| ૧૬ જાણ્યું અને જોયું | ૨–૦૦ |
| ૧૭ સ્યાદ્વાદ મંજરી | ૧૫–૦૦ |

*

નોંધ : સંસ્કૃતમાં ૧૦ ટકા અને ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં ૧૫ ટકા કમિશન કાપી આપવામાં આવશે. પોષ્ટ ખર્ચ અલગ. આ અમૂલ્ય ગ્રંથો વસાવવા ખાસ ભલામણ છે.

: લખો :

## શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રીમંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ,

For Private And Personal Use Only